## ઈદે મીલાદુન્નબી ﷺ તથા શબે મેઅરાજને બિન ઈસ્લામી તહેવાર ગણાવનાર દેવબંદની ગુમરાહિયતના અંધકાર સામે....

# અહલે સુન્નતના હક્ક઼નો ચમકાર !

**સંપાદક**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*


**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફય્ઝાને રઝા મંઝિલ,
મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
**Email :** anjuman2006@hotmail.com
**Website :** barkatekhwaja.net

પ્રકાશન નં. : ૧૬૯ આવૃત્તિ–૨ પ્રત : ૫૦૦૦
૧૧–રબીઉલ આખર હિ.સ. ૧૪૩૦ એપ્રિલ–૨૦૦૯


**ફક્ત પોસ્ટકાર્ડ લખી અથવા SMS કરી મફત મંગાવો !**
**મો. ૯૪૨૭૪૬૪૪૧૧, ૯૪૨૭૮૧૭૩૯૯**


નૂરાની આર્ટ–દયાદરા


## અનુક્રમણિકા


| | |
|---|---|
| **પ્રકાશકના બે બોલ.......** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)* | ૦૩ |
| **ઈદે મીલાદુન્નબી ﷺની સાબિતી** | ૦૭ |
| શું ઈદે મીલાદુન્નબી ﷺ ''બિન ઈસ્લામી'' તહેવાર છે ?! | ૦૮ |
| દેવબંદી સર્વ માસિકો બિદઅત તથા હરામ છે ! કેમ કે...... | ૦૯ |
| અન્યને બિદઅતી કહેનારા દેવબંદીઓનાં...... | ૧૦ |
| શું ઈસ્લામમાં કેવળ બે જ ઈદો (ખુશીના પર્વો) છે ? | ૧૨ |
| મીલાદ શરીફ મનાવવી કોની કોની સુન્નત છે ?! | ૧૪ |
| ઈદે મીલાદુન્નબી (ﷺ) સત્ય ઈતિહાસની રોશનીમાં | ૧૬ |
| મીલાદુન્નબી વિશે આગલા ઈમામોનાં મંતવ્યો | ૧૭ |
| મક્કામાં હુઝૂર ﷺ ના જન્મ સ્થળે જશ્ને મીલાદુન્નબી ﷺ | ૨૧ |
| ઈદે મીલાદુન્નબી વિશે મક્કા મદીનાના મુફતીઓના ફત્વા | ૨૪ |
| **૨૭ રજબના શબે મેઅરાજની સાબિતી** | ૨૮ |
| શું શબે મેઅરાજ મનાવવી પણ બિન ઈસ્લામી ! | ૨૮ |
| ૨૭ રજબે શબે મેઅરાજ વિશે મશ્હૂર મુહદ્દિષોનાં કથનો | ૩૧ |
| ૨૭ રજબે ઈબાદત તથા રોઝાની સાબિતી | ૩૪ |
| એક બાતિલ અક઼ીદાનું ખંડન | ૩૬ |
| શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વીનો ક઼ૌલ શું છે ? | ૩૮ |
| ૨૭ રજબે મેઅરાજ સંબંધે મતભેદથી ઈબાદત...... | ૩૯ |
| હે દેવબંદીઓ ! તમારા માનીતા બુઝુર્ગોનું તો માનો ! | ૪૦ |
| નાજાઈઝ કહેવા માટે નસ (શરઈ દલીલ) જોઈએ..... | ૪૧ |
| **દેવબંદી ધર્મનો પાયો: તૌહીદની આડમાં નબી વલીની તૌહીન !** | ૪૪ |
| દેવબંદીની સ્વરચિત જૂઠી તૌહીદ ! | ૪૪ |
| શું રસૂલ તથા સહાબા તૌહીદ ન સમજતા હતા ?! | ૪૬ |
| દેવબંદી ક઼ાયદાનુસાર સર્વ મુસલમાન મુશ્રિક છે ! | ૪૭ |
| કુર્આનમાં ગૈરુલ્લાહથી મદદ લેવા–કરવાનું દર્શાવતા હુકમો | ૪૮ |
| સહાબીઓનો અક઼ીદો શું દેવબંદીઓ જેવો હતો ?! | ૫૨ |
| શું આ બુઝુર્ગો પણ તૌહીદને સમજતા ન હતા ?! | ૫૩ |
| લો ! હવે તમારા મોટેરાઓનું તો માનો ! | ૫૪ |
| હા ! દેવબંદી પેશ્વાઓથી મદદ લેવી શિર્ક નથી ! | ૫૬ |
| ખ્વાજા ગરીબ નવાઝની બારગાહમાં ગુસ્તાખી ! | ૫૮ |

## *કોઈની વાત નહીં પણ...* **હક્ક઼ વાત સ્વીકારો !**

**نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ**

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવનાઓ ! દુનિયામાં ઈસ્લામની હક્ક઼ાનિયત વિરુદ્ધ તથા અહલે સુન્નતની વિરુદ્ધ જેટલી પણ બાતિલ શક્તિઓ છે તેમનું એક સૂત્ર છે કે, "જૂઠનો એટલો પ્રચાર કરો કે તેને લોકો સત્ય માનવા લાગે !" બસ, આ જ સૂત્ર પર આજે તમામ બાતિલ તાકતો ખાસ કરીને બાતિલ ફિર્ક઼ા વહાબી, દેવબંદી, તબ્લીગઢોંગી જમાતી, કહેવાતા અહલે હદીષ ગૈર મુક઼લ્લિદો, કહેવાતા જમાઅતે ઈસ્લામી મૌદૂદીઓ.... વગેરે ભારપૂર્વક અમલ કરી રહ્યા છે. અહલે સુન્નતના જેટલાય મામૂલ છે તથા મુબારક દિવસો રાતો છે છે તેને મનાવવા વિશે ઉલમાએ અહલે સુન્નતે કુર્આન, હદીષ, અક઼વાલે ઉલમા થકી તેનું હક્ક઼ હોવું ડંકાની ચૌટ પર સાબિત કર્યું છે, અને જે ગલત રસ્મો છે તેને કશાય ખચકાટ વિના જાહેર કરી આપેલ છે. અને વિરોધીઓના એક એક વાંધાના સચોટ જવાબો આપી વાતને સ્પષ્ટ કરી છે. છતાં જેમના દિલો પર ગુમરાહીની મહોર લાગી ગઈ છે તેઓ કેમ કરીને હક્ક઼ સ્વીકારી શકે ! એટલા માટે એક ને એક વાતો સુન્નીઓના મુબારક દિવસો રાતો મનાવવાની વિરુદ્ધમાં લખતા તથા બકતા જાય છે.

આ બાતિલ ફિર્ક઼ા વહાબી દેવબંદી વગેરેનાં માસિકો કુર્આન હદીષથી સાબિત સુન્ની અક઼ીદા વિરુદ્ધ આંખો મીંચીને છાપ્યે જ જાય છે જેથી ન છૂટકે અમારે તેમની ગુમરાહીથી પબ્લિકને બચાવવા અને જહન્નમના માર્ગે જતી રોકવા, તેમના ગંદા અકીદાના પ્રદૂષણને દૂર કરવા ઈમાનની રોશની વેરતા લેખો રજૂ કરવા પડે છે.

આમ તો દેવબંદી વહાબી માસિકો જેવાં કે કંથારીયાનું "દારુલ ઉલૂમ',' સૂરતથી "ઉમ્મીદ" તથા "યંગ વહોરા વેલ્ફેર બુલેટીન" અને





અંકલેશ્વરથી "સદાએ મરકઝ", અક્કલકુવાથી "બયાને મુસ્તફા" વગેરે માસિકો પૂર્વ જ બુઝુર્ગોના એટલે અહલે સુન્નતના અક઼ીદા વિરુદ્ધ સતત ઝહેર ઓકતાં રહે છે. હુઝૂરે અક઼દસ ﷺની શાનમાં લખવાં જતાં તેમની કલમો ટેઢી થઈ જાય છે કારણ કે તેમનાં દિલો ટેઢાં છે ! હુઝૂરે અકરમ ﷺની અદાવતમાં એવાં ખરડાઈ ગયાં છે કે "શબે મેઅરાજ" જેવા આ'લા શાનવાળા બનાવનું વર્ણન કરતાં પણ તેઓ લખી મારે છે કે,

*"પછી હું 'સિદરતુલ મુન્તહા' (એ બોરડીનું ઝાડ છે એનાથી ઉપર કોઈ ફરિશ્તો પણ જઈ શકતો નથી. એ ઉપરની દુનિયા અને નીચેની દુનિયા વચ્ચેની સરહદ છે) સુધી લઈ જવામાં આવ્યો. મેં જોયું કે એનું એક પાંદડુ એટલું મોટુ છે કે લગભગ મારી ઉમ્મતને ઢાંકી દે. એમાં એક નહેર વહી રહી છે જેને સલસબીલ કહેવામાં આવે છે અને તે નહેરથી બીજી બે નહેરો ફૂટે છે, એકનું નામ 'કૌષર' અને બીજીનું નામ "રહમત" છે.* **મેં (હુઝૂરે) એમાં ગુસ્લ કર્યું જેનાથી મારા આગલા પાછલા બધા જ ગુનાહો ધોવાઈ ગયા.** *ત્યારબાદ હું જન્નતમાં લઈ જવામાં આવ્યો." (દેવબંદી છાપુ, "ઉમ્મીદ" સૂરત, પેજ–૬, ૧૦–ઓગષ્ટ, ૨૦૦૮)*

હે ન્યાયપ્રિય વાંચકો ! મને જણાવો કે શું તમારો અક઼ીદો એવો છે કે આપણા નબી કરીમ ﷺ ગુનાહ કરતા હતા ?! ગુનેહગાર હતા ?! શું નબીને મા'સૂમ માનવું એ મુસલમાનો અક઼ીદો નથી ? મા'સૂમ એટલે તેનાથી ગુનોહ થાય જ નહીં. વિચારો ! જેનો અક઼ીદો એ હોય કે નબી ગુનાહ કરતા હતા, ગુનેહગાર હતા ! તો તે મુનાફિક઼ નથી તો શું છે ?! કલ્માની તથા તૌહીદની આડમાં ઈસ્લામનો તથા નબીનો દુશ્મન નથી તો શું છે ?! કુર્આનમાં તો છે :–

**یٰسٓ ۝ وَالۡقُرۡاٰنِ الۡحَکِیۡمِ ۝ اِنَّکَ لَمِنَ الۡمُرۡسَلِیۡنَ ۝**

**(અર્થાત)** : "હિકમતવાળા કુર્આનની ક઼સમ ! બેશક ! તમને સીધા માર્ગે મોકલવામાં આવ્યા છો" *(સૂ. યાસીન, આ. ૧, ૨, ૩)*

અલ્લાહ કહે છે : **"બેશક ! તમને સીધા માર્ગે મોકલવામાં આવ્યા."** અને આ વહાબી કહે છે નબી ગુનેહગાર હતા ! તો કોનું માનશો ?!

ટૂંકમાં કે જેમને અલ્લાહે લોકોને સીધી રાહ બતાવવા, ગુનાહોથી દૂર કરવા મોકલ્યા તે સૌ નબીઓથી શ્રેષ્ઠ નબીને ગુનેહગાર માનવું એ કોઈ મુસલમાનનો તો અક઼ીદો હોઈ શકતો જ નથી ! એ મુનાફિક઼ોનો જ અક઼ીદો હોય છે.

અરે ! ગુનેહગાર હોવાની ક્યાં વાત છે ! આ જ ઉમ્મીદ (સૂરત)ના પેપરમાં તો એક સમયે આપણા પ્યારા નબી ﷺને "નવ મુસ્લિમ" લખ્યા છે ! નવ મુસ્લિમ એટલું શું ?! **નવ મુસ્લિમ એટલે પહેલાં કાફિર હોય પછી ઈમાન લાવે !** વિચારો ! આ વહાબી દેવબંદીઓના વિચારો કેટલા ભયાનક છે ! જુઓ !

આ છે દેવબંદી અઠવાડિક "ઉમ્મીદ" સૂરતના જે તે સમયના તંત્રી ઈબ્રાહીમ પટેલ જેમણે **હુઝૂરે અકરમ ﷺને "નવ મુસ્લિમ" ગણાવ્યા છે.** આ છાપામાં લખ્યું છે કે, "ઈસ્લામના પ્રથમ પ્રચારક **હુઝૂર મુહમ્મદ (ﷺ) પણ જન્મથી મુસ્લિમ ન હોવાને કારણે, બલ્કે ચાલીસ વર્ષ પછી ઈસ્લામના વર્તુળમાં દાખલ થયા હોવાથી નવ મુસ્લિમોમાંના એક છે."** *("ઉમ્મીદ" અઠવાડિક, તા. ૩૦–૮–૭૪, તંત્રી : ઈબ્રાહીમ પટેલ, પ્રકાશક : ગુજરાત પબ્લિકેશન સોસાયટી–સૂરત, બહવાલા ઝેહરીલી બકવાસ, લેખક : હાજી ઉસ્માન ખત્રી, તંત્રી : તયબાહ–અમદાવાદ)*

**વિચારો !** રસૂલે પાક ﷺની અદાવતમાં આ 'ઉમ્મીદ' અઠવાડિક ના તંત્રી કેટલા ઉત્સાહી બની ગયા કે **હુઝૂર ﷺને "નવ મુસ્લિમ" કહી દીધા !** પાછળથી હોબાળો થતાં માફીનામાં પ્રગટ કર્યાં. પણ વિચારવાની વાત છે કે એમનાં દિલોમાં રસૂલે પાક ﷺની કેટલી અદાવત ભરેલી છે કે પોતે શું લખી રહ્યા છે તે પણ રસૂલ દુશ્મનીની






અદાવતમાં આંધળા બની જતાં સમજાતુ નથી. એવું છે કે કૂવામાં હોય તે હવાડામાં આવે ! તેમના દેવબંદી મોલ્વીઓએ હુઝૂર ﷺની ગુસ્તાખીની જાણે હરીફાઈમાં ઉતર્યા હોય તેમ એક પછી એક ગુસ્તાખીપૂર્ણ લખાણો એટલાં લખ્યાં કે તે વાંચતાં વાંચતાં આ તેમના ચેલા ઈબ્રાહીમ પટેલનેય શૂરાતન ચઢયું તો મોલ્વીઓથીય આગળ નીકળી ગયા !

ચર્ચાને વધુ નથી લંબાવતો, સમજદારો માટે આટલુ પૂરતું છે કે આ વહાબી દેવબંદીઓની વિચારીશ્રેણી અલ્લાહના રસૂલે આ'ઝમ, નબી પાક ﷺના માટે કેવી હલકી ગંદી છે. પ્રસ્તૂત કિતાબમાં દેવબંદી વિચારશ્રેણીનું પ્રતિનિધિત્વ કરતા **અક્કલકુવા**ના માસિક **"બચાને મુસ્તફા"**ના ઉત્સાહી લેખક મોલ્વી હુઝયફા વસ્તાનવીએ ઓકટો.–૨૦૦૮ના અંકમાં મીલાદુન્નબી ﷺ તથા ૨૭ રજબ શબે મેઅરાજ મનાવવાને "બિન ઈસ્લામી તહેવાર" લખીને પોતાની અસલિયત આપણા સમક્ષ રજૂ કરી છે. તેમજ "જમિયતે ઉલમાએ દેવબંદ"ની મહા મથામણે ભત્રીજા સાથે લડાઈ ઝઘડા કરી પ્રમુખની ખુરશી પર ચડી બેઠેલા મોલ્વી અરશદ મદનીએ **"તૌહીદની આડમાં નબી વલીની તૌહીન"** કરવાનું કેવું નાટક રચ્યું છે, તે સૌનો ચિતાર રજૂ કરીને તેમના બાતિલ અક઼ીદાની રદ **બરકાતે ખ્વાજા (માસિક) દયાદરા**માં (ડિસે.–૦૮, જાન્યુ.–ફેબ્રુ.–૦૯) ત્રણ હપ્તામાં તંત્રી લેખ થકી કરી હતી તેને અત્રે વાંચકોના ઈમાનની મજબૂતી માટે રજૂ કરીએ છીએ તેને વાંચો અને વહાબી દેવબંદી ફિર્કાની બદઅક઼ીદગીથી બચો અને તમારામાં ઈમાની ગૈરત જાગે તો તેમનાથી સગાઈ, સંબંધ, દોસ્તી, શાદી વહેવાર કટ કરો ! નહીં તો નામના સુન્ની રહી જશો ! અને જતા દહાડે તમારી ઔલાદનું ઈમાન પણ ખતરામાં રહેશે.

**–પટેલ શબ્બીર અલી રઝવી** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

*તારીખ : ૨/૪/૨૦૦૯, વાર : જુમેરાત, ૫ રબીઉલ આખર, હિ.સ. ૧૪૩૦*



نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْكَ وَسَلَّمَ

## ઈદે મીલાદુન્નબીની સાબિતી

અત્યારે મારી સમક્ષ દેવબંદી ફિર્ક઼ાના જામિઆ અક્કલકૂવાથી પ્રસિદ્ધ થતા "બયાને મુસ્તફા" (ﷺ) નામના માસિકના ઓકટો.–૨૦૦૮ના અંકના અમુક પેજોની ઝેરોક્ષ કોપીઓ છે. તેના પેજ નં. ૭૪ના લેખનું હેડીંગ છે : "મુસલમાનોમાં પ્રચલિત બિન ઈસ્લામી તહેવારોનો ઈતિહાસ" એમાં વિશેષતઃ ફાતિમી શીઆઓની તદ્દન સંક્ષિપ્ત વાતો પોતાની રીતે કશાય હવાલા વિના દર્શાવી જેમાં બિન ઈસ્લામી તહેવાર નં. (૧) "નવા વર્ષનો જશ્ન" દશાવ્યો છે જેને સુન્નીઓ જાણતા પણ નથી કે એવો કોઈ જશ્ન મનાવતા નથી, જે કરતા હશે તે જાણે ! બિન ઈસ્લામી તહેવાર નં. (૨) "યવમે આશૂરા" બતાવ્યો, જેની રીત રસમો લખી છે કે, શોક વ્યક્ત કરવો, નવહા (વિલાપ કરવો), તાઝિયા બનાવવાં વગેરે,





તો અહલે સુન્નત વ જમાઅતના મહાન આલિમે દીન મુજદ્દિદે વક઼્ત આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہએ મુહર્રમની ગલત રસ્મોની તથા તાઝિયાદારીની ખરાબીઓની ઝાટકણી કાઢીને તેની ભરપુર રદ કરી જ છે, એ સુન્ની મઝહબની ચીજ છે જ નથી ! કેટલાક જાહિલો શીઆઓની દેખાદેખી અમુક ખુરાફાત કરે છે જેને **વિશ્વાસુ સુન્ની ઉલમાની કોઈ કિતાબમાં સમર્થન નથી.** હા ! જે શરીઅતમાં જાઈઝ કામો છે કે ઈમામ હુસૈન رضی اللہ عنہની યાદમાં દીની મેહફિલોમાં કુર્આન શરીફની તિલાવત કરવી, નઅત તથા મન્ક઼બત પઢવી, ઈમામ હુસૈન رضی اللہ عنہ તથા કર્બલાના શહીદોની શાનમાં કુર્આન હદીષની રૂએ બયાન કરવું, ફાતેહા પઢી ન્યાઝ કરવી, શરબત પીવડાવવું, સહીહ રિવાયતોથી કર્બલાના બનાવોની લોકોને જાણ થાય તથા યઝીદ પલીદની બદ્તમીઝીઓ જાહેર થાય અને ઈસ્લામ પર, શરીઅત પર મજબૂતીથી રહેવાની પ્રેરણા મળે એવા પ્રસંગો બયાન કરવા, તેને સુન્ની ઉલમા બયાન કરે છે જે કોઈ યઝીદીના કહેવાથી નાજાઈઝ થવાનું નથી.

### ★ શું ઈદે મીલાદુન્નબી "બિન ઈસ્લામી" તહેવાર છે ?! ★

હવે આ દેવબંદીઓમાં ખાસ તો મૂળ ચીજ તેમનામાં જે છે તે "નબીપાક ﷺની અદાવત તથા કીનો !" તે એ રીતે આ માસિકમાં જાહેર થયો છે કે "બિન ઈસ્લામી તહેવારો"માં નં. ૩ "ઈદે મીલાદુન્નબી" (ﷺ)ને આપ્યો છે. જો ઈમાનદારીથી "ઈદે મીલાદુન્નબી" (ﷺ)નો ઈતિહાસ વર્ણવ્યો હોત તો અમને કોઈ વાંધો ન હોત, પણ **જેમના મઝહબમાં ખૂદ અલ્લાહ માટે જ એ અક઼ીદો હોય કે, "અલ્લાહ જૂઠુ બોલી શકે છે." (મઆઝલ્લાહ !) તે ધર્મના ચેલાઓ પોતે કેટલુ જૂઠ**

**ચલાવી શકે છે તે સમજી શકાય છે.** લખે છે, "ખ્રિસ્તી અને અન્ય બિન ઈસ્લામી બાતિલ મઝહબોની (જેમ) મુસલમાનોમાં પણ યવમે વિલાદતે નબવીની ઉજવણી શરૂ કરવામાં આવી. ફાતિમીઓએ જ આ ઈદ મુસલમાનોમાં પ્રચલિત કરી હતી પરંતુ પાછળથી માલિક મુઝફ્ફર અબૂ સઈદ કાકોરીએ આનું પ્રચલન વધાર્યું જેની ઉજવણી આજ દીન સુધી કરવામાં આવે છે." *(પેજ–૭૫, બયાને મુસ્તફા, ઓગષ્ટ–૦૮)*

શું ખરેખર આટલો જ અને આ જ ઈદે મીલાદુન્નબી (ﷺ)નો ઈતિહાસ છે ? અને ખરેખર એ "બિન ઈસ્લામી તહેવાર" છે ? શું ઈસ્લામના મહાન ઈમામો, બુઝુર્ગો, મહાન ઉલમાએ પણ એને તદ્દન "બિન ઈસ્લામી તહેવાર" જ ગણાવ્યો છે ? અને તેને મનાવવાથી આવી જ નફરત દર્શાવી છે જેવી આજે આ અક્કલકુવાવાળા તથા અન્ય વહાબી દેવબંદી દર્શાવી રહ્યા છે ? એનો જવાબ ઈન્શાઅલ્લાહ ! આગળ વિગતે જોવા મળશે.

વળી એ જ માસિક વધુમાં લખે છે કે, "જો કે ખૂદ નબીએ કરીમ (ﷺ)થી અથવા સહાબા (رِضْوَانُ اللهِ تَعَالىٰ عَلَيْهِمْ اَجْمَعِيْنَ) અને તાબઈન (رحمۃ اللہ علیہم) પૈકી કોઈનાથી પણ સાબિત નથી, તદુપરાંત, કુર્આન અને હદીષમાં ક્યાંય એનો ઉલ્લેખ જોવા મળતો નથી, આથી આ બિદઅત અને હરામ છે." *(પેજ–૭૫, બયાને મુસ્તફા, ઓગષ્ટ–૦૮)*

### ★ દેવબંદી સર્વ માસિકો બિદઅત તથા હરામ છે ! કેમ કે...... ★

ઈદે મીલાદુન્નબી ﷺ મનાવવાના ઈતિહાસ વિશે ચર્ચા પછી કરીશું. અહીં આ વહાબી દેવબંદી ફિર્કાના કહેવાતા "બયાને મુસ્તફા" (માસિક)માં દર્શાવ્યું છે કે **ઈદે મીલાદુન્નબી (ﷺ) મનાવવું "બિદઅત" તથા "હરામ" એટલા માટે છે કે નબી કરીમ ﷺ તથા સહાબા** رِضْوَانُ اللهِ تَعَالىٰ عَلَيْهِمْ اَجْمَعِيْنَ **તેમજ**





**તાબઈન** رحمۃ اللہ علیہم **પૈકી કોઈનાથી સાબિત નથી.**

આ પરથી **દેવબંદી ધર્મનો પાયાનો ક઼ાયદો** જાણવા મળ્યો કે જે હુઝૂર ﷺથી, સહાબાથી, તાબઈનથી સાબિત ન હોય, તેમણે કર્યું ન હોય તે "બિઅદત" તથા "હરામ" છે.

તો હવે જે પણ દીની રસમ કે કાર્ય હાલમાં થતું હોય પણ ઉપર જણાવ્યા મુજબ ન હોય તો તે દેવબંદી ક઼ાયદાનુસાર બિદઅત તથા હરામ ગણાશે, એ તો ચોક્કસને ! તો અમે કહીએ છીએ કે **સૌ પ્રથમ તો જામિઆ અક્કલકુવાથી આ કહેવાતુ "બયાને મુસ્તફા" (માસિક) પ્રસિદ્ધ કરવું "બિદઅત" તથા "હરામ" છે. કારણ કે નબી પાક ﷺના સમયમાં નથી આવું માસિક નીકળ્યું, ન સહાબાએ કોઈ માસિક પ્રસિદ્ધ કર્યું હતું અને ન તાબઈનના સમયમાં બહાર પડયું.** પોતાના જ ક઼ાયદા પ્રમાણે પોતે બહાર પાડેલ તેમનું આ માસિક બહાર પાડવું "બિદઅત" તથા "હરામ" છે જેથી એને બંધ કરી આપે !

**હે ઈન્સાફપ્રિય વાંચકો !** તમે જાતે જ ફેંસલો કરો કે એક આ જ માસિક નહીં, દેવબંદીઓનાં સર્વ માસિકો ઉપરોક્ત તેમના જ ક઼ાયદા અનુસાર બિદઅત તથા હરામ ઠરે છે કે નહીં ?! કેમ કે ન નબી પાક ﷺએ કોઈ માસિક કાઢયું, ન કોઈ સહાબીએ ન તાબઈએ કાઢયું. જેથી તેમના જ આ પાયાના ક઼ાયદા હેઠળ એ કાર્ય બિદઅત તથા હરામ ઠરે છે.

### ★ અન્યને બિદઅતી કહેનારા દેવબંદીઓનાં આ રહ્યાં બિદઅત તથા હરામ કામો ! ★

એ જ માસિક પેજ–૭૭ ઉપર જામિઆ અક્કલકુવામાં ૧૨–૮–૨૦૦૮ના રોજ "દસ્તારબંદીનો વાર્ષિક ઈજલાસ" મનાવાયો તેનો રિપોર્ટ છે. તો આ રીતે **દસ્તારબંદીનો જલ્સો ન**

**રસૂલે પાક ﷺથી સાબિત છે, ન સહાબા કે ન તાબઈનથી સાબિત છે. જેથી એમના તથા સર્વ દેવબંદી મદરસાઓમાં દર વરસે થતા આ જલસા પણ તેમના પોતાના જ ક઼ાયદા હેઠળ બિદઅત તથા હરામ છે.**

તે ઉપરાંત.....હુઝૂર ﷺના જમાનામાં, સહાબાના કે તાબઈનના જમાનામાં અક્કલકુવાના તથા અન્ય દેવબંદીઓના જેવા મદરસા ન હતા, ત્યારે આવા કોર્સ પઢાવવા માટે ન હતા, દૌરાએ હદીષ, પગારો લઈને મુદર્રિસોનું પઢાવવું, ચંદા માટે ચોપડીઓ લઈને ફરવું, ચંદામાં કમીશનો આપવાં, પ્રિન્ટીંગ પ્રેસોમાં કુર્આન તથા હદીષની કિતાબો છપાવવી, બુખારી શરીફનો ખતમ રાખવો, હદીષ શીખવા ઈલ્મે સરફ તથા નહ્‌વની તા'લીમ, સ્વાતંત્ર્ય દિને દીની મદરસાઓ પર રાષ્ટ્ર ધ્વજ ફરકાવવું, ઈમાને મુજમલ, ઈમાને મુફસ્સલ પઢાવવું, છ કલમા, કલમાનાં નામો વગેરે, નમાઝ માટે જીભથી નિય્યત કરવું, દેશભરમાં કિ઼ર્અતના ઈનામી મુક઼ાબલા ગોઠવવા, પાસપોર્ટ બનાવી હજ્જમાં જવું, હજ્જ કમિટીમાં નામ નોંધાવવું, તેનો ડ્રો કરવો, એજન્ટોની મદદ લેવી વગેરે, એજન્ટ બનવું, ત્રણ દિવસ, અઠવાડિયું, ચાલીસ દિવસ કે છ મહિના, વરસ ચિલ્લાં કરવા જવા નામોની નોંધણી કરી જમાઅતો કાઢવી, ગશ્ત કરવું, દેશ વિદેશ વિમાનોમાં, મોટરોમાં તબ્લીગના બહાને ફરવું, સ્ત્રીઓની જમાઅતો કાઢવી, ક઼ૌમી એકતા માટે ગૈર ધર્મના ધાર્મિક સરઘસોનું સ્વાગત તથા તેમના મહારાજનું ફૂલહારથી સ્વાગત કરવું, (જેમ કે જમિયતુલ ઉલમા ગુજરાતના મૌલાના અ. અહદ તારાપુરીએ કર્યું હતું) તથા શાલ ઓઢાડી ગૈરોના ધર્મગુરૂનું ક઼યામની હાલતમાં રહી સન્માન (તા'ઝીમ) કરવું જેમ કે જમિયતુલ ઉલમાના માજી પ્રમુખ મૌલાના અસદ મદની તથા તેમના પુત્ર મૌલાના મેહમૂદ મદનીએ કર્યું હતું, જમિઅતુલ ઉલમાએ હિંદ





તથા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ સ્થાપવું, પ્રથમવાર નીકળેલી નકલી દાંડીયાત્રાની મશાલને હાર પહેરાવવો તથા તેમાંનાં ગૈર મુસ્લિમોનું સ્વાગત કરી તેમને બદામનું શરબત પાવું જેમ કે દા.ઉ. કંથારીઆ આગળ થયું હતું, વળી ખાસ દેવબંદ મદરસાની શતાબ્દી મનાવવી તથા તેમાં આંજહાની ઈંદિરા ગાંધીને મંચ પર બોલાવી ખુરશી પર બેસાડવું અને મોલ્વીઓનું તેમના પગોમાં બેસવું.....વગેરે.

આવાં બધાં કામો એઓ કરતા રહે છે તે સર્વ હુઝૂરે પાક ﷺના સમયમાં ન થતાં હતાં, ન સહાબાએ કર્યાં, ન તાબઈને કર્યાં જેથી દેવબંદી ક઼ાયદા અનુસાર બિદઅત તથા હરામ છે કે નહીં ?! ઈન્સાફથી જવાબ આપશો ! **એક નબીપાક ﷺની "ઈદે મીલાદુન્નબી" (ﷺ) જ શા માટે બિદઅત તથા હરામ ?!** શું તમે કરો તે હલાલ અને સુન્નીઓ કરે તે હરામ અને બિદઅત ?! આ અક્કલને અભરાઈએ મૂકીને લખનારાઓને **અમારી ચેલેંજ છે કે** તમારા જ ક઼ાયદા હેઠળ પુરવાર કરી બતાવો કે તમારાં આ દર્શાવ્યાં તે કામો બિદઅત તથા હરામ નથી ? શું રસૂલે પાક ﷺએ કર્યાં ? સહાબા કે તાબઈને કર્યાં ? જો નથી કર્યાં તો તમારો ક઼ાયદો તેને બિદઅત તથા હરામ નથી કહેતો ? એવું નિશાન ન ચલાવો કે ગોળી પોતાનાં જ લમણામાં વાગે !

આવો હવે જોઈ લઈએ કે "ઈદે મીલાદુન્નબી ﷺ" આ પથભ્રષ્ટ થયેલા અક્કલકુવાના દેવબંદીઓ કહે છે તેમ "બિન ઈસ્લામી તહેવાર" છે કે ઈસ્લામની માન્યવર હસ્તીઓનો "માન્ય ઈસ્લામી તહેવાર" છે ?

## ★ શું ઈસ્લામમાં કેવળ બે જ ઈદો (ખુશીના પર્વો) છે ? ★

અક્કલકુવાનું કહેવાતુ "બયાને મુસ્તફા" માસિક તથા અન્ય દેવબંદી ફિ઼ર્કાનાં માસિકો વારંવાર લખતાં રહે છે કે, "ઈસ્લામમાં

કેવળ બે જ ઈદ છે, એક ઈદુલ ફિત્ર અને બીજી ઈદે અદહા. જેથી આ બે સિવાય ઈદ મનાવવી બિદઅત, નાજાઈઝ તથા હરામ છે. *(બયાને મુસ્તફા, ઓકટો. ૦૮, યંગ વહોરા વેલ્ફેર બુલેટીન, ફેબ્રુ–માર્ચ : ૨૦૦૮ વગેરે)*

"ઈદે મીલાદુન્નબી" (ﷺ) શબ્દથી એમને ખૂબ ચીડ થાય છે ! અને પોતે મુસ્લિમ એકતાનો ઝંડો લઈને ફરનાર આ જ તત્વચિંતકો મુસ્લિમોમાં નકારાત્મક લખાણો વડે પોતે જ વિવાદો ખડા કરતા રહે છે.

**તફસીરે રૂહુલ બયાન**માં "ઈદ"નો તર્જુમો છે : "પરત આવવાવાળી ખુશી." શું ૧૨ રબીઉલ અવ્વલ શરીફની તારીખ આપણા માટે ખુશી પરત આવવાની તારીખ નથી ? શું નબીઓના સરદાર, રહમતુલ્ લિલ્ આલમીન ﷺ જે દિવસે દુનિયામાં તશરીફ લાવ્યા તે યાદગાર તારીખે કેમ મુસ્લિમોને ખુશી ન ઉપજે ?

જે લોકો "ઈદ"ના શબ્દનો ઉપયોગ બે ઈદો સિવાય પર બિદઅત કહે છે તે તેમની નાદાની છે. તેમની પાસે "ઈદ"ના શબ્દનો ઉપયોગ બીજી ખાસ પ્રકારની ખુશીના પ્રસંગે ન કરવા સંબંધે કોઈ શરઈ દલીલ છે જ નથી ! તેમણે **તફસીરે રૂહુલ બયાન**ની આ રિવાયત પર ધ્યાન કેન્દ્રિત કરી આ વિવાદનો હલ કાઢવો જોઈએ : "મુસલમાનો માટે દુનિયામાં જે દિવસો ઈદના હતા તે તેમના માટે જન્નતમાં પણ ઈદ હશે." તો હવે બે ઈદો સિવાય પણ ઈદો થશે કે નહીં ?!

ત્યાર બાદ ફર્માવ્યું : ખાસ લોકો માટે દુનિયાના સઘળા દિવસો ઈદ છે, તો તેમના સઘળા દિવસો આખેરતમાં ઈદ હશે, અને ખાસમાં ખાસ લોકો માટે દરેક શ્વાસ ઈદ છે !"

**તફસીરે રૂહુલ બયાનમાં** مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِની તફસીરમાં છે :




"મીલાદ શરીફ કરવી હુઝૂરની તા'ઝીમ છે જ્યારે કે તે બુરી વાતોથી ખાલી હોય. ઈમામ સિયૂતી ફર્માવે છે કે હુઝૂર ﷺના જન્મ પર શુક્ર જાહેર કરવો આપણા માટે મુસ્તહબ છે.

રબ તઆલા ફર્માવે છે :–

لَقَدْ مَنَّ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ اِذْ بَعَثَ فِيْهِمْ رَسُوْلًا

"બેશક ! અલ્લાહનું 'મહાન એહસાન' થયું મુસલમાનો પર કે તેમનામાં તેમનામાંથી જ એક રસૂલ મોકલ્યા."

હુઝૂર ﷺની પધરામણી "મહાન નેઅમત" છે તો એના પર ખુશી કરવામાં ન આવે ? તે દિવસને ઈદ કહેવામાં ન આવે ? જ્યારે આ આયત નાઝિલ થઈ તો એક યહૂદીએ કહ્યું કે આ આયત જો અમને આપવામાં આવી હોત તો અમે તે દિવસને ઈદ ઉજવતે ! તો હઝરત ઉમર رضی اللہ عنہએ જવાબ આપ્યો હતો કે જે દિવસે આ આયત ઉતારવામાં આવી ત્યારે બે ઈદો ભેગી હતી, એક જુમ્આનો દિવસ અને એક અરફાનો દિવસ. અહીં જુમ્આ તથા અરફાના દિવસને પણ ઈદ કહેવામાં આવે છે.

જો બે ઈદો સિવાય કોઈ ઈદ નથી તો જુમ્આને અઠવાડિક ઈદ શી રીતે કહેવામાં આવે છે ? જો દરેક જુમ્આ ઈદ છે તો વરસની કેટલી ઈદો થઈ ?!

સારાંશ કે આ મહાશયોની એ વાત જૂઠી તથા રસૂલ દુશ્મનીની બૂ વાળી છે કે, કેવળ બે જ ઈદો છે એ સિવાય ઈદ મનાવવી બિદઅત તથા હરામ છે અને જાઈઝ નથી. બલ્કે "ઈદ" શબ્દ મીલાદુન્નબી માટે વાપરી શકાય છે.

### ★ મીલાદ શરીફ મનાવવી કોની કોની સુન્નત છે ?! ★

નેકીનું કોઈ કામ એવું નથી કે જેમાં પાંચેવ પ્રકારની સુન્નતો ભેગી થતી હોય, પરંતુ માત્ર બે કામો છે એક દુરૂદ શરીફ અને

એક મીલાદ શરીફ. આમાં પાંચેવ પ્રકારની સુન્નતો મૌજૂદ છે.

**સુન્નતે ઈલાહી** : કુર્આન શરીફમાં જગા જગાએ અલ્લાહ તઆલાએ નબીએ અકરમ નૂરે મુજસ્સમ ﷺને આ દુનિયામાં નબી અને રસૂલ બનાવીને મોકલવાની આયતો નાઝિલ ફર્માવી, અને મીલાદ શરીફમાં આ જ પ્રકારની વાતો મુસલમાનોને સંભળાવવામાં આવે છે. ક્યારેક તક઼રીરો કરી મીલાદ ઉજવવામાં આવે છે, ક્યારેક નઅતોનું આયોજન કરી મીલાદ ઉજવવામાં આવે છે. અને કુર્આન શરીફમાં રસૂલે પાકની નઅત પણ છે, આપની વિલાદતનો પણ ઝિક્ર છે, આપની રિસાલત અને નબુવ્વતનું બયાન છે, આપની હિજરત અને ગઝવાતનું બયાન છે. અને આ સઘળાં કામોને આપણી પરિભાષામાં મીલાદ શરીફ કહેવામાં આવે છે. શું ઉપરોક્ત આયતમાં નબીની મીલાદ શરીફનું બયાન નથી ? છે અને જરૂરથી છે, અને આમ તો કુર્આનમાં અગણિત આયતો છે, એટલે અમે કહીએ છીએ કે મીલાદ શરીફ સુન્નતે ઈલાહી પણ છે.

**સુન્નતે અંબિયાએ કિરામ** : અલ્લાહ તઆલાએ સઘળા અંબિયાએ કિરામને નબીએ આખેરુઝ્ઝમાં ﷺની પેદાઈશ (જન્મ)ની ખુશખબરી સંભળાવવાની જવાબદારી સોંપી હતી, અને તેમણે પોત પોતાની ઉમ્મતોને અલ્લાહના હબીબના આવવાની ખુશખબરી સંભળાવી હતી. જેનાથી સ્પષ્ટ થયું કે મીલાદ શરીફ અંબિયાએ કિરામની પણ સુન્નત છે.

મિશ્ક઼ાતુલ મસાબીહમાં છે, સરકારે દો આલમ ﷺએ ફર્માવ્યું, હું મારા પિતા ઈબ્રાહીમની દુઆ અને ઈસા બિન મરયમની બશારત છું. મારી માતાએ મારી પેદાઈશના સમયે જોયું કે તેમનામાંથી એક એવું પ્રકાશ નીકળ્યું, જેનાથી શામના મહેલો પ્રકાશિત થઈ ગયા.

આ હદીષે પાકથી જાણવા મળ્યું કે **સરકારે મદીના ﷺએ**





**પોતે પોતાની મીલાદ શરીફ સહાબાએ કિરામને સંભળાવી હતી.** એટલે મીલાદ શરીફ આપણા નબીની પણ સુન્નત છે.

**સુન્નતુલ મુસ્લિમીન** : સદીઓથી મુસલમાનોમાં મીલાદ શરીફનું કામ ચાલી રહ્યું છે અને મહાન આલિમોએ પોતે આ નેક કામ કરેલું છે, આધારભૂત કિતાબોમાં તેનો ઉલ્લેખ પણ છે. જેમાંથી અમુક વાતો હું તમારી ખિદમતમાં રજૂ કરીશ.

**સુન્નતે સહાબાએ કિરામ** : નબીએ અકરમ ﷺના સહાબાએ કિરામ પણ પોતાની મેહફિલોમાં રસૂલે પાકની મીલાદનું બયાન કરતા અને સાંભળતા હતા. સાબિત થયું મીલાદ શરીફ સહાબાની પણ સુન્નત છે.

**સુન્નતે મલાઈકા** : અલ્લાહ તઆલાએ રસૂલે પાકની પૈદાઈશના સમયે ફરિશ્તાઓને આપની ખિદમતમાં સલાતો સલામ પઢવા માટે મોકલ્યા હતા, અને બીજા અન્ય કામોમાં લગાડયા હતા. સાબિત થયું કે મીલાદ શરીફ મલાઈકાની સુન્નત છે.

મીલાદ શરીફનું કામ કેટલું બરકતવાળું અને સવાબનું કામ છે કે, તેમાં પાંચ પ્રકારની સુન્નતો ભેગી છે અને આમ જ દુરૂદ શરીફનું કામ કે, તેમાં પણ પાંચ પ્રકારની સુન્નતો ભેગી છે. અને કેમ ન હોય ? જ્યારે સરકારે દો આલમ ﷺ રબ તઆલાના મહબૂબ છે, તો તેમનાથી સંબંધિત ચીજ વસ્તુઓ પણ તેને મહબૂબ છે.

## ★ ઈદે મીલાદુન્નબી (ﷺ) સત્ય ઈતિહાસની રોશનીમાં ★

*નિષાર તેરી ચહલ પહલ પર હઝારોં ઈદે રબીઉલ અવ્વલ*
*સિવાયે ઈબ્લીસ કે જહાંમેં સભી તો ખુશિયાં મના રહે હૈં !*

ઈમામ જવઝી લખે છે કે સૌથી પ્રથમ (વર્તમાન તરીક઼ા મુજબ) અર્બલના બાદશાહ મલિક મુઝફ્ફર અબૂ સઈદે એની શરૂઆત

કરી અને તે સમયના પ્રખ્યાત મોહદ્દિષ હાફિઝ ઈબ્ને દહિય્યહ્એ આ મક્સદના માટે એક કિતાબ લખી અને એનું નામ 'અત્તન્વીર ફી હવલદિલ્ બશીરિન્નઝીર' રાખ્યું. મલિક મુઝફ્ફરની સમક્ષ જ્યારે એ કિતાબ રજૂ કરવામાં આવી તો તેણે ઈબ્ને દહિય્યહ્ને એક હજાર અશરફી ઈનામરૂપે આપી. તે રબીઉલ અવ્વલ શરીફમાં દર વરસે મેહફિલે મીલાદની ગોઠવણીની વ્યવસ્થા કરતો હતો. બુદ્ધિશાળી, શાણો, બહાદુર તથા મર્દે મેદાન હતો. દાનિશ્વર તથા ન્યાયી હતો. તેનો રાજ્યકાળ ઘણો લાંબો હતો, એટલે સુધી કે તેણે હિ.સ. ૬૩૦માં એ હાલતમાં વફાત પામી કે તેણે ઉક્કહના શહેરમાં જ્યાં ઈસાઈઓએ કબજો કરી રાખ્યો હતો તેનો ઘેરો કરેલો હતો. તેનું જાહેર તથા બાતિન (અંતર) ખૂબ જ પસંદીદા હતું. ઈબ્ને જવઝીના શબ્દોમાં આપ એ મર્દે મો'મિનની સીરતને વાંચો :–

સિબ્ત ઈબ્ને જવઝી પોતાની કિતાબ 'મિર્અતુઝ્ઝમાં'માં એ ઝિયાફતનો ઉલ્લેખ કરે છે જે મલિક મુઝફ્ફર મીલાદ શરીફના મોકા પર કર્યા કરતો હતો અને જેમાં એ સમયના મહાન ઉલમા તથા અઝીમ સૂફીઓ શિર્કત કરતા હતા. એ ઝિયાફતનો હાલ એ માણસ થકી બયાન કરવામાં આવે છે જે દા'વતમાં શરીક હતો તે કહે છે : મેં ઘેટાં બકરીઓનાં પાંચ હજાર માથાં, દસ હજાર મરઘીઓ તથા ફિરનીના એક લાખ કટોરા અને હલ્વાના ત્રણ હજાર થાળો જાતે જોયા છે. જે ઉલમા તથા સૂફીઓ એ ઝિયાફતમાં શરીક થતા તેમને મલિક મુઝફ્ફર ખિલ્અતે શાહી (ઝભ્ભાઓ) પહેરાવતો. અને મીલાદ શરીફના આ પ્રોગ્રામમાં ત્રણ લાખ દીનાર ખર્ચ કરતો.
*(બહવાલા : સીરતે ઝિયાઉન્નબી ﷺ, પેજ–૪૯)*

### ★ મીલાદુન્નબી વિશે આગલા ઈમામોનાં મંતવ્યો ★

મીલાદે નબવીમાં મોહદ્દિષ ઈબ્ને જૌઝી رحمة الله عليه **મીલાદે નબવીની ઉજવણી પ્રત્યે પોતાનું મંતવ્ય પ્રગટ કરતાં લખે છે, મક્કા**





**અને મદીનાવાસીઓ તેમજ મિસ્ર, યમન, શામ અને પૂર્વથી લઈને પશ્ચિમ સુધીનો સમગ્ર પ્રદેશ રસૂલે અકરમ નૂરે મુજસ્સમ ﷺના જન્મ દિવસ પર મેહફિલો અને મજલિસોનું આયોજન કરે છે, અને રબીઉલ અવ્વલ શરીફનો ચાંદ જોઈને ખુશી પ્રગટે છે. નબીએ પાક ﷺના જન્મ દિવસને લગતી વાતો બયાન કરવામાં અને સાંભળવામાં ખાસ પ્રકારનું આયોજન કરે છે.** અને મુસલમાનો આ મહફિલોના આયોજનથી ઘણો સવાબ અને મહાન સફળતા પ્રાપ્ત કરે છે.

અલ બાઈષ અલા ઈન્કારિલ્ બિદએ વલ્ હવાદિષમાં **ઈમામ અબૂ શામા ઉસ્તાદે ઈમામે નવવી** رحمة الله عليه મીલાદુન્નબીની ઉજવણી વિશે પોતાનું મંતવ્ય પ્રગટ કરતાં લખે છે, અમારા શહરે અરબલમાં નબીએ પાક ﷺની વિલાદત અને જન્મ દિવસે સદકાત, નેકીઓના કામો, હર્ષોઉલ્લાસ અને શણગાર કરવામાં આવે છે. તેમાં ગરીબો પર ભલાઈ કરવાની સાથે તેના કરવાવાળાના દિલમાં રસૂલે પાકની મહોબ્બત આપની ઈજ્જત, આપની બુઝુર્ગી પ્રગટ થાય છે. (એટલે કે કરવાવાળાના દિલમાં સરકારે દો આલમ ﷺની મહોબ્બત છે ત્યારે તો તે આપના જન્મ દિવસને યાદ રાખી સદકાત અને બીજાં નેક કામો દ્વારા રબનો શુક્ર અદા કરે છે) આમાં રસૂલે પાક ﷺની પધરામણી પર અલ્લાહનો શુક્ર અદા કરવો છે કે અલ્લાહ તઆલાએ આપને રહમતુલ્ લિલ્ આલમીન બનાવીને મોકલ્યા. ફર્માવે છે, "સારી બિદઅતોમાંથી છે." (એટલે કે આ પ્રમાણેનું આયોજન નબીએ પાકના જમાનામાં થતું ન હતું પરંતુ તેનાથી કોઈ વાંધો આવતો નથી કારણ કે કામો નવાં છે પરંતુ સારાં અને ભલાં છે.)

**મવાહિબે લદુન્નિયહ્**માં છે **શારેહે બુખારી ઈમામ કસ્તલાની** લખે છે : રબીઉલ અવ્વલ શરીફ હુઝૂર ﷺની પેદાઈશનો મહિનો

છે, તેમાં મુસલમાનો મેહફિલોનું આયોજન કરતા રહ્યા છે. તેની રાતોમાં વિવિધ પ્રકારના સદક઼ા, ખૈરાત કરતા રહ્યા છે, ખુશીઓ પ્રગટ કરે છે, નેકીઓના કામોમાં વધારો કરે છે, આપની મીલાદ શરીફ શોખથી પઢે છે, તેની બરકતથી તેમની ઉપર દરેક પ્રકારની મહાન ફઝીલતો જાહેર થાય છે અને તેની અનુભવ મેળવેલી બરકત એ છે કે સઘળું વર્ષ સલામતીથી પસાર થશે અને તેનો દુનિયામાં પણ મક઼સદ પૂરો થશે. આગળ લખે છે : ''અલ્લાહ તઆલા તે વ્યક્તિને પોતાના મક઼સદમાં સફળ કરે જે રસૂલે પાકની વિલાદતના મહિનાની રાતોને ઈદ તરીકે ઉજવે જેથી કરીને જેના દિલમાં બીમારી હોય તેની બીમારીમાં વધારો થાય.''

ફતાવા હદીષિયામાં છે : **હઝરત ઈબ્ને હજર મક્કી** رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, ''મીલાદ અને ઝિક્રની મેહફિલો જેનું આયોજન આપણા ત્યાં કરવામાં આવે છે તેમાં વધુ પડતું ભલાઈ પર આધારિત છે, જેમ કે સદક઼ો, ઝિક્ર અને રસૂલે પાક ﷺ પર સલાતો સલામ.''

અન્વારે સાતેઆમાં છે : **મુલ્લા અલી ક઼ારી** رحمۃ اللہ علیہ ફર્માવે છે, તમામ ઉલ્મા અને મશાઈખ આ મહાન મીલાદ અને શરાફતવાળી મેહફિલની તાઝીમ કરે છે.

તેઓમાંનો કોઈ પણ તે મેહફિલમાં હાજરી આપવાથી ઈન્કાર નથી કરતો તેનું નૂર પ્રાપ્ત કરવાની ઉમ્મીદમાં (એટલે કે તેઓ મીલાદની મેહફિલોને બરકતો પ્રાપ્ત કરવાનો ઝરીયો સમજતા હતા, અને તેમાં હાજરી આપી ફયૂઝ પ્રાપ્ત કરતા હતા.)

ફોયુઝૂલ હરમૈન છે : **શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દહેલ્વી** رحمۃ اللہ علیہ ફર્માવે છે, મક્કા મોઅઝ્ઝમામાં રસૂલે પાક ﷺના જન્મ દિવસે આપની પેદાઈશની જગાએ લોકો નબીએ પાક ﷺ પર દુરૂદો સલામ પઢી રહ્યા હતા અને પેદાઈશના સમયના ઈરહાસાત





અને નબુવ્વતના એલાન પહેલાંના ઈરહાસાત બયાન કરી રહ્યા હતા. ઓચિંતા મારી નજર પ્રકાશ અને નૂર પર પડી. હું એ તો નથી કહી શકતો કે મેં મારા માથાની આંખોથી તેને જોયું અને એ પણ નથી કહી શકતો કે મેં માત્ર રૂહાની આંખોથી તેનો દીદાર કર્યો. અલ્લાહ જાણે બેમાંથી શું હતું પરંતું જ્યારે મેં તે તરફ મનન કર્યું તો જાણવા મળ્યું કે **તે નૂર અને પ્રકાશ તે ફરિશ્તાઓનું હતું જેમને આ પ્રકારની મેહફિલો માટે નિયુક્ત કરવામાં આવ્યા છે.** અને મેં જોયું કે ફરિશ્તાઓના પ્રકાશ સાથે અલ્લાહની રહમતનું પ્રકાશ મળેલું હતું.

**શાહ વલીયુલ્લાહ સાહબ**ના મંતવ્યથી એ જાણવા મળ્યું કે સરકારે દો આલમ ﷺના જન્મ દિવસે મીલાદ શરીફની મેહફિલોનું આયોજન કરવું, તેમાં શિરકત કરવી, માત્ર જાઈઝ જ નથી બલ્કે તેમાં શિરકત કરવાથી આપણી ઉપર અલ્લાહ તઆલાની રહમત નાઝિલ થાય છે. અને ફરિશ્તાઓ પોતાના પ્રકાશથી ઝિક્ર કરવાવાળાઓને ઢાંકી લે છે અને તેઓનું નામ રબની બારગાહમાં રજૂ કરે છે જેમ કે ઝિક્રે ઈલાહીની ફઝીલતવાળી હદીષમાં તેનો ઉલ્લેખ છે.

દુરુસ્સમીનમાં છે **હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દહેલ્વી** رحمۃ اللہ علیہ પોતાના વાલિદે મોહતરમ **જનાબ અલ્લામા શાહ અબ્દુર્રહીમ દહેલ્વી**ના હવાલાથી લખે છે, તેઓ ફર્માવે છે, હું દર વર્ષે હુઝૂર ﷺના જન્મ દિવસના પ્રસંગે ન્યાઝની વ્યવસ્થા કરતો હતો પરંતુ એક વર્ષે હું ન્યાઝના ખાવાની વ્યવસ્થા ન કરી શક્યો.

''માત્ર સેકેલા ચણા મળ્યા જે મેં લોકોમાં વહેંચી દીધા. ત્યાર બાદ મેં સરકારે દો આલમ ﷺને સ્વપ્નમાં જોયા કે ખુશ ખુશ છે અને પેલા ચણા આપની સમક્ષ પીરસાએલા છે.''

આ વાક્યાથી જાણવા મળ્યું કે સરકારે મદીના રાહતે કલ્બો

સીના ﷺના જન્મ દિવસે સાચી નિય્યતે ઈખ્લાસની સાથે જે ન્યાઝ અને ખાણાની વ્યવસ્થા કરવામાં આવે છે તે સરકારની બારગાહમાં ક઼બૂલ થાય છે, અને સરકાર તેવી વ્યક્તિ તરફ મહોબ્બત અને પ્યારની સાથે પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે અને તેનાથી ખુશ થાય છે. ભલા મીલાદ શરીફનું કામ રસૂલે પાકની બારગાહમાં કેટલું પ્યારું અને ક઼બૂલને પાત્ર છે ! સરકાર આપણી મીલાદની મેહફિલો પણ ક઼બૂલ ફર્માવે.

**શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દહેલ્વી અને તેમના વાલિદ શાહ અબ્દુર્રહીમ رحمۃ اللہ علیہ એવા પૂર્વજ આલિમો છે, જેમને જમાઅતી આલિમો પણ પોતાના માટે આધારભૂત સમજે છે,** અને તેઓ પણ મીલાદની ઉજવણી કરતા હતા અને તેમાં નઝરો ન્યાઝને બરકતો પ્રાપ્ત કરવાનો ઝરીયો સમજતા હતા. તો પછી તેવા નેક કામમાં કોઈ પ્રકારનો વિવાદ ઉભો ન કરવો જોઈએ.

જરા થોડીક પળો રોકાઈને હાલના નજદી સઊદી સત્તાકાળ અગાઉના હિજાઝ મુક઼દ્દસ પર એક દૃષ્ટિ ફેંકો, **એ જ મક્કા મુકર્રમા જ્યાં આજે ઈદે મીલાદુન્નબી ﷺ નો ચિરાંગાં ગુલ થઈ ચૂક્યો છે એ જ સ્થળે કેવા શાહી ઠાઠની સાથે જશ્ને મીલાદુન્નબીનું આયોજન થતું હતું**. વર્તમાન પત્ર "અલ્ ક઼િબ્લા" મક્કા મુકર્રમાના હવાલાથી જશ્ને ઈદે મીલાદુન્નબી મક્કા મુકર્રમાનો એક રિપોર્ટ રજૂ કરીએ છીએ :–

### ★ મક્કામાં હુઝૂર ﷺ ના જન્મ સ્થળે જશ્ને મીલાદુન્નબી ﷺ ★

"૧૧મી રબીઉલ અવ્વલના રોજ મક્કા મુકર્રમાની દરો દીવાર બરાબર એ સમયે તોપોની ધડાકામય અવાજોથી ગુંજી ઉઠી જ્યારે કે હરમ શરીફના મોઅઝ્ઝિને અસ્રની નમાઝના માટે અલ્લાહુ





અકબરની સદા બુલંદ કરી. સર્વ લોકો આપસમાં એકબીજાને મુબારકબાદ આપવા લાગ્યા. મગરિબની નમાઝ એક મોટા મજમા સાથે શરીફ હુસૈને હનફી મુસલ્લા પર અદા કરી. નમાઝથી ફારિગ થયા બાદ સૌ પ્રથમ ક઼ાઝીયુલ ક઼ઝાએ દસ્તૂર પ્રમાણે શરીફને ઈદે મીલાદની મુબારકબાદ આપી. પછી તમામ વઝીરો અને સલ્તનતના સભ્યો એક આમ મજમાની સાથે જેમાં અન્ય શહેરોના અમીરો પણ સામેલ હતા. નબી કરીમ ﷺ ના વિલાદતના સ્થળની તરફ રવાના થયા. આ શાનદાર મજમો ખૂબ જ આયોજન અને શાનો શૌકત સાથે મૌલુદુન્નબીની તરફ રવાના થયો. સુલ્તાનના મહેલથી મૌલુદુન્નબી સુધી માર્ગમાં બંને બાજુ ઉચ્ચ કક્ષાની રોશનીની વ્યવસ્થા હતી અને ખાસ કરીને મૌલુદુન્નબી તો પોતાની રંગબેરંગી રોશનીમાં રશ્કે જન્નત બનેલ હતો. ઝાઈરિનોનો આ મજમો ત્યાં પહોંચીને અદબપૂર્વક ઉભો થઈ ગયો અને એક શખ્સે અતિશય અસરકારક તરીક઼ાથી સીરતે અહમદિયહ્ ﷺ બયાન કરી જેને તમામ હાજરજનો ખૂબ જ ખુશૂઅ તથા ખુઝૂઅ (તલ્લીનતાપૂર્વક) સાંભળતા રહ્યા અને એક સન્નાટો હતો જે તમામ મેહફિલ પર છવાયેલો હતો. આ બરકતવંત મક઼ામની મહાનતા કોઈ હરકત કરવાની પણ ઈજાઝત નથી આપતી. અને આ યૌમે સઈદ (મુબારક દિવસ)ની ખુશી દરેક શખ્સને બેહાલ કરી ચૂકી હતી.

ત્યારબાદ શૈખ ફવાદ નાઈબ વિદેશ પ્રધાને એક શાનદાર તક઼રીર કરી જેમાં માનવ જગતની મહાન ક્રાંતિના ઉપર પ્રકાશ વેર્યો જેનો સબબ હુઝૂર ﷺ ની ઝાત હતી.

છેવટે ક઼ાબિલ મુકર્રિરે એક નઅતિયા ક઼સીદો પઢયો જેને સાંભળીને શ્રોતાઓ ખૂબ જ ખુશ થયા. તેનાથી ફારિગ થઈને સૌએ જન્મ સ્થળની એક પછી એક ઝિયારત કરી પછી પાછા ફરીને હરમ શરીફમાં ઈશાની નમાઝ અદા કરી. નમાઝથી ફારિગ થયા

બાદ સૌ હરામ શરીફના એક હોલમાં નિશ્ચિત વાર્ષિક બયાન મીલાદ વિશેનું સાંભળવા માટે એકત્રિત થઈ ગયા. અહીં પણ મુકર્રિરે ખૂબ જ મધુર રીતે નબી કરીમ ﷺ ના અખ્લાક તથા ગુણો પર ખૂબીઓ પર બયાન કર્યું.

ઈદે મીલાદની ખુશીમાં તમામ કચેરીઓ, ઓફીસો અને મદ્રસા (સ્કૂલો) પણ બારમી રબીઉલ અવ્વલે એક દિવસના માટે બંધ રાખવામાં આવ્યા. અને આ રીતે એ ખુશી અને આનંદનો દિવસ પૂર્ણ થઈ ગયો." *(બહવાલા માહનામા "તરીકત" લાહોર, માર્ચ ઈ.સ. ૧૯૧૭, પેજ : ૨૧, ૨૨, ૨૩)*

હિ.સ. ૧૨૮૮ માં દિલ્હીના માન્યવર આલિમે દીન હઝરત મૌલાના અબ્દુર્રહીમ દહેલ્વીએ હિજાઝના ઉલમાથી ઈદે મીલાદુન્નબીના હવાલાથી એક ફત્વો પૂછયો. હરમૈનના ઉલમાના જવાબનો સાર એ હતો કે, **"જે મૌલુદ શરીફ અને તા'ઝીમી કિયામનો ઈન્કાર કરે તે બિદઅતી છે. શરીઅતના હાકિમ પર લાઝિમ છે કે એવા મીલાદના મુન્કિર (નકારનાર)ને સખ્ત સજા આપે."** આ ફત્વો મક્કા મુકર્રમા, મદીના મુનવ્વરા, જિદ્દા શરીફ તથા જદીદા શરીફના અગ્રગણ્ય ઉલમાની બારગાહમાં પેશ કરવામાં આવ્યો હતો. જવાબ આપનારા અને તેના પર સમર્થનની સહી કરનારાઓની કુલ સંખ્યા ૯૪ હતી. હઝરત મૌલાના અબ્દુર્રહીમ દહેલ્વીએ આ ફત્વાઓ પોતાની કિતાબ "રૌઝતુન્નઈમ ફી ઝિક્રિન્નબી કરીમ"માં લખીને પ્રસિદ્ધ કર્યા હતા. એ કિતાબ અત્યારે દુર્લભ છે એટલા માટે વિષયને અનુલક્ષીને એને નીચે લખવામાં આવી રહ્યા છે. મૂળ ફત્વા અરબીમાં હતા એટલા માટે દહેલ્વી સાહબે તર્જુમા સાથે પ્રસિદ્ધ કર્યા હતા. તેના તર્જુમા ઉર્દૂ ભાષા પૂરાણી હોવાથી અત્યારે અપ્રતિભાશાળી જણાતી હોવાથી અમે અમારી કલમથી એનો તર્જુમો કરી રહ્યા છીએ :–





## ★ ઈદે મીલાદુન્નબી વિશે
## મક્કા મદીનાના મુફતીઓના ફત્વા ★

"નીચેના મસ્અલામાં આપનો શો આદેશ છે કે પેદાઈશે મુસ્તફાનો ઝિક્ર કરવો અને વિલાદતના ઝિક્રની વખતે કિયામ કરવો એ રીતે કે એમાં દિવસની નિશ્ચિતતા, મકાનની સજાવટ, ખુશ્બુનો ઉપયોગ, કુર્આનની કોઈ સૂરતની તિલાવત અને મુસલમાનોના માટે ખાવાનો બંદોબસ્ત પણ હોય. શું આવા સ્વરૂપમાં મીલાદની મેહફિલ ગોઠવવી જાઈઝ છે ? અને તેની ગોઠવણ કરનાર સવાબનો હક્કદાર થશે કે નહીં ? વર્ણન કરશો, અલ્લાહ તઆલા બેહતર બદલો આપે.

આ પ્રશ્ન પર **મક્કા મુકર્રમાના મુફિતયાને એઝામ** તથા ઉલમાએ કેબારે નીચે પ્રમાણે જવાબ આપ્યો :–

**અર્થાત** : "નિઃશંક ! આ ઉપર જણાવેલ સ્વરૂપમાં મીલાદ શરીફનો મા'મૂલ અતિશય પસંદીદા અને મુસ્તહબ છે એટલા માટે ઉલમાએ મુતકદ્દેમીન (આગલા)એ પણ એને મુસ્તહસન કહ્યું અને વિલાદતે મુબારકાના ઝિક્ર વખતે કયામ પણ મુસ્તહસન છે અને તેનો મુન્કિર (નકારનાર) બિદઅતે સૈયેઅહ (બુરી બિદઅત)માં સપડાયેલો છે. કેમ કે તે એવી ચીજનો મુન્કિર છે જે અલ્લાહ તઆલા અને જમહૂર મુસલમાનો નજીક મુસ્તહસન છે. અષર ઈબ્ને મસ્ઊદમાં છે કે **મુસલમાનો જે ચીજને પસંદ કરે તે અલ્લાહ તઆલાની નજીક પણ પસંદીદા છે** અને આ સ્થાને **મુસલમાનોથી મુરાદ બાઅમલ ઉલમાએ કિરામ** છે.

અને અરબ, મિસ્ર, સીરિયા, રોમ અને ઉન્દલુસ (સ્પેન)ના તમામ ઉલમાએ કિરામે એને બુઝુર્ગોના કાળથી આજ સુધી મુસ્તહસન જ કહેલ છે, જેથી આ રીતે એના પર **ઉમ્મતનો ઈજમાઅ**

થઈ ગયો. જેથી મીલાદની મેહફિલ ગોઠવવી નિઃશંક ! હક્ક છે.

નબી કરીમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો કે મારી ઉમ્મત કદી ગુમરાહી પર એકમત થશે નહીં **જેથી શરીઅતના હાકિમ પર લાઝિમ છે કે તેના મુન્કિરને સજા આપે.** અલ્લાહ બેહતર જાણનાર છે.''

આ ફત્વા પર મક્કા મુકર્રમાના ચારેવ મઝહબના ૪૨ મુફતીઓની સહીઓ છે.

હવે નીચે બરાબર આ જ પ્રમાણે ઉપરોક્ત પ્રશ્ન પર **મદીના મુનવ્વરાના મુફ્તિયાને કિરામ**નો સર્વસમંતિવાળો ફત્વો જોઈ લો :–

''મીલાદ શરીફમાં જે ચીજોની વ્યવસ્થા કરવામાં આવે છે, દા.ત. સદકા ખૈરાત આપવા, સારાં ભોજનો તથા મીઠાઈ વગેરે વહેંચવી, રસૂલે કરીમ ﷺ ના ઝિક્ર તથા તિલાવતના સમયે કિયામ કરવો, ગુલાબનો છંટકાવ કરવો, અગરબત્તીઓ સળગાવવી, મકાનને શણગારવું, કુર્આને અઝીમની આયતોની તિલાવત કરવી, નબી કરીમ ﷺ ની બારગાહમાં સલાતો સલામ પઢવી અને ખુશી આનંદને ભરપુર રીતે પ્રદર્શિત કરવું, કશીય શંકા વિના આ અતિશય પસંદીદા અને અજૂર તથા ફઝીલતવાળી ચીજ છે. **તેનો ઈન્કાર કોઈ બિદઅતી જ કરશે.** તેની વાત પર કદી પણ ધ્યાન ધરવામાં ન આવે. બલ્કે **ઈસ્લામના હાકિમ પર લાઝિમ છે કે તેને સજા આપે.** અલ્લાહ બેહતર જાણનાર છે.

આ ફત્વા પર મદીના મુનવ્વરાના ૩૦ ઉલમાએ કિરામ અને મુફતિયાને એઝામની મોહરો લાગેલી છે. **જિદ્દાના મુફતીઓ**એ મૌલાના અબ્દુર્રહીમ દહેલ્વીના પ્રશ્નનો નીચે પ્રમાણે જવાબ આપ્યો :–





''ઉપર જણાવ્યાનુસારના સ્વરૂપમાં મેહફિલે મીલાદની ગોઠવણ કરવી શરીઅતની રૂએ બિદઅતે હસના (સારી બિદઅત) અને મુસ્તહબ છે. **તેના મુન્કિરના દિલમાં યકીનન ! નબી કરીમ ﷺ થી નિફાક તથા કીનો અને અદાવત છે.** તેનાથી ઈન્કારની શક્યતા કઈ રીતે જાઈઝ રાખી શકાય છે જ્યારે કે ઈર્શાદે ઈલાહી છે કે અલ્લાહની નિશાનીઓની તા'ઝીમ દિલોની પરહેઝગારી છે.''

આ ફત્વા પર જિદ્દા શરીફના દસ મુફતિયાને કિરામની મોહરો અને સમર્થનમાં સહીઓ છે. **જદીદાના મુફતીઓ**એ એ જ ઉપરોક્ત સવાલનો જવાબ આ પ્રમાણે આપ્યો :–

''ઉપરોક્ત ચીજોની વ્યવસ્થા સાથે મીલાદ શરીફ પઢવી ન કેવળ જાઈઝ છે બલ્કે મુસ્તહબ છે અને એની ગોઠવણ કરનાર સવાબનો હક્કદારનો છે. ઉલમાએ આ વિષય પર મજબૂત કિતાબો લખી છે અને એને ગોઠવવા પ્રોત્સાહન આપ્યું છે તેમજ તેમણે ફર્માવ્યું કે **એનો ઈન્કાર કોઈ બિદઅતી જ કરી શકે છે. શરીઅતના હાકિમ પર જરૂરી છે કે મીલાદના મુન્કિરને સજા આપે.''**

આ ફત્વા પર જદીદા શરીફના ૧૨ મુફતિયાને કિરામની મોહરો તથા સહીઓ છે. હિજાઝ મુકદ્દસના આ ફત્વાઓની રોશનીમાં મેહફિલે મીલાદના જાઈઝ તથા મુસ્તહબ હોવાનો હુકમ ૧૪ મીના ચાંદની જેમ રોશન તથા મુનવ્વર થઈ ગયો. તેમ છતાં પણ કોઈ કલ્મો પઢનારો સંતોષ ન પામે તો તેણે પોતાની ઈમાની હાલત પર વિચાર કરવો જોઈએ કે યકીનન ! તેનું દિલ રસૂલુલ્લાહ ﷺ ની પ્રતિ મુનાફિકત અને ઉઘાડી દુશ્મનીમાં સપડાયું છે. *(હવાલો : ભારતખંડમાં મુસ્લિમોમાં વિખવાદના સબબો, લેખક : મૌલાના મુબારકહુસૈન મિસ્બાહી–મુબારકપુર)*

આ ચર્ચામાં સચોટ પુરાવા ઐતિહાસિક તથા શરઈ રીતે ''ઈદે

મીલાદુન્નબી'' મનાવવું જાઈઝ તથા મુસ્તહસન હોવા વિશે રજૂ કર્યા. તો જે એને ''બિન ઈસ્લામી તહેવાર'' કહે તે ખૂદ બિદઅતી તથા સજાને પાત્ર તથા દિલમાં નિફાક઼ તથા કીનો ધરાવનાર અને પોતે જ બિન ઈસ્લામી હોવું પુરવાર થયું. હવે આ માસિક **''બયાને મુસ્તફા''** છે કે **''બયાને મુખાલિફે મુસ્તફા''** છે ? તેનો ફેંસલો ખૂદ વાંચકો જ કરી લે.

ચર્ચા ઘણી લાંબી થઈ ગઈ, બસ ! એ વિચારે કે ક્યાંક અમારા વાંચકો કોઈક પ્રકારની અકળામણ ન અનુભવે અમે અમારી ક઼લમને અટકાવીએ છીએ, નહીં તો આ વિષય પર અમારી સમક્ષ એટલી સાક્ષીઓ છે કે એક જાડી તથા મોટી કિતાબ અસ્તિત્વમાં આવી શકે છે. ખુદા કરે કે આ થોડાક પુરાવાઓ મીલાદના મુન્કિરોના ચિંતનની ગાંઠોને ઉકેલવાના માટે પૂરતા થાય અને વિવિધ ટોળીઓમાં વહેંચાયેલી ક઼ૌમ અક઼ીદા તથા માન્યતાની ગલત રાહો પર ભટકવાથી તૌબા તથા રુજૂઅ કરી જમહૂર અહલે સુન્નત વ જમાઅતના મસ્લક પર હમ સફર તથા હમનવાં થઈ જાય.

**ઔર તુમ પર મેરે આક઼ા કી ઈનાયત ન સહી**
**નજ્દીયો ! કલ્મા પળ્હાનેકા ભી એહસાન ગયા !**

★ ★ ★





## ૨૭ રજબના શબે મેઅરાજની સાબિતી

ગતાંકમાં 'જશ્ને ઈદે મીલાદુન્નબી' ﷺ સંબંધે તેને મનાવવું જાઈઝ, મુસ્તહબ તથા મુસ્તહસન હોવું ઈસ્લામી શરીઅતની રૂએ સંતોષકારક દલીલોથી પુરવાર કર્યું અને તેને 'બિદઅત' તથા 'બિન ઈસ્લામી તહેવાર' કહેનાર 'બયાને મુસ્તફા' કહેવાતુ માસિક બહાર પાડનાર અક્કલકૂવાવાળા દેવબંદીઓ તથા અન્ય તેમના હમમસ્લક માસિકોવાળા જાતે જ સઊદી નજદી વહાબી સત્તા અગાઉના અહલે સુન્નતના મુફતીઓ થકી **બિદઅતી તથા ઈસ્લામી હાકિમ થકી સજાને પાત્ર** અને **દિલમાં નબી ﷺ પ્રત્યે નિફાક઼ તથા કીનો ધરાવનાર** અને પોતે જ **''બિન ઈસ્લામી''** જાહેર થયા.

હા ! જે ચીજોના શરીઅતમાં સ્પષ્ટ હરામના હુકમો છે તેને તો સૌ કોઈ જાણે જ છે તે એ કે વાજાં, ગાજાં, ત્રાંસાં, બેન્ડ બાજાં અથવા ફટાકડા ફોડવા વગેરે જાઈઝ હોવાનો હુકમ કોઈ અહલે સુન્નતના આલિમોનો છે જ નથી ! જેથી એવી ચીજો કોઈ પણ પ્રસંગે હોવી જોઈએ નહીં અને દરેક ઠેકાણે તે હરામ તથા નાજાઈઝ જ ગણાશે.

### ★ શું શબે મેઅરાજ મનાવવી પણ બિન ઈસ્લામી ! ★

રસૂલે પાક ﷺથી કીનો ધરાવનાર અદાવતે રસૂલમાં ચૂર આ દેવબંદીઓ મેઅરાજનો ખુલ્લો ઈન્કાર ન કરી શક્યા તો હવે સુન્નીઓ થકી મેઅરાજ શરીફ ૨૭–રજબના રોજે જે મનાવવામાં આવે છે, ઈબાદત કરવામાં આવે છે, રોઝો રાખવામાં આવે છે

તેને પણ પોતાના માસિક 'બયાને મુસ્તફા'માં નાજાઈઝ તથા હરામ દર્શાવ્યું છે અને કારણ ફક્ત એટલું દર્શાવ્યું કે **મેઅરાજ શરીફ કયા દિવસે થઈ તેમાં મતભેદો છે, એટલે એ નાજાઈઝ તથા હરામ છે !** અને એ જ અર્થમાં 'સદાએ મર્કઝ' નામના અંકલેશ્વરથી પ્રસિદ્ધ થતા દેવબંદી ફિર્કાના માસિક (ઓગસ્ટ–૨૦૦૬)માં ૨૭ રજબે શબે મેઅરાજ મનાવવા વિરુદ્ધ લખાણ હતું. તથા અન્ય દેવબંદી ફિર્કાનાં માસિકો એવું લખતાં જ રહે છે, જેથી તેના સંબંધે અમે અહલે સુન્નતના વિવિધ દારુલ ઈફતાને સવાલ કર્યો હતો તેમાંથી કેવળ એક જ સ્પષ્ટ જવાબ અત્રે સવાલ સાથે રજૂ કરીએ છીએ જે સર્વ ગુમરાહીની આંધીઓનાં વાદળોને વિખેરવા માટે પૂરતો છે. સાંભળો :–

**સવાલ** : શું ફર્માવે છે ઉલમાએ દીન તથા શરીઅતે પાકના મુફતીઓ નીચેના મસાઈલમાં કે; એક દેવબંદી માસિક 'સદાએ મર્કઝ' જે અંકલેશ્વરથી પ્રસિદ્ધ થાય છે એના ઓગસ્ટ–૨૦૦૬ના અંકમાં લખ્યું છે :–

''૨૭ રજબમાં કોઈ ખાસ ઈબાદતો, તસ્બીહો તથા દુઆઓની કોઈ સાબિતી નથી મળતી. શબે મેઅરાજ જે આપણે ત્યાં મનાવવામાં આવે છે તેની ઈસ્લામમાં કોઈ અસ્લ (દલીલ) નથી. આવી **મેઅરાજ મનાવવી વાહિયાત** અથવા **ગુનાહનું કામ** છે. જેને ઈસ્લામ સાથે કોઈ લેવા દેવા નથી.

હુઝૂર ﷺ મેઅરાજમાં બયતુલ્લાહથી બૈતુલ મુક઼દસ પછી સિદરતુલ મુન્તહા અને સાતેવ આસ્માનો સુધી તશરીફ લઈ ગયા, એટલે સુધી દુરુસ્ત છે. પરંતુ આ બનાવ કયા મહિનામાં થયો તેના વિશે કોઈ નિશ્ચિત વાત મૌજૂદ નથી. ઘણા લોકો આ બનાવ સંબંધે રજબનો ક઼ૌલ કરે છે અને અમુક લોકો રબીઉલ અવ્વલનો ક઼ૌલ કરે છે. કઈ તારીખે આ બનાવ બન્યો તેના વિશે પણ સખત મતભેદ





છે. ૨૭ રજબ વિશે કોઈ યક઼ીની ક઼ૌલ મૌજૂદ નથી જેથી ૨૭ રજબે મેઅરાજ મનાવવું દુરુસ્ત નથી.''

વધુમાં લખ્યું છે કે :–

''મેઅરાજનો આ બનાવ નબી ﷺને 'પયગંબરી મળવાના' પાંચ વરસ પછી પેશ આવ્યો. જેનો અર્થ એ થયો કે આપના પવિત્ર જીવનમાં ૧૮ વાર મેઅરાજની રાત આવી પણ આપે કદી શબે મેઅરાજ મનાવી હોય એની કોઈ સાબિતી નથી, ન કદી આપે એને મનાવવાનો હુકમ આપ્યો જેવી રીતે શબે ક઼દર તથા શબે બરાત મનાવવાનો હુકમ આપ્યો. ન સહાબાથી સાબિત છે કે તેમણે હુઝૂર ﷺના બાદ ૧૦૦ વરસોમાં શબે મેઅરાજ મનાવી હોય. એટલા માટે એને મનાવવું અને અધિક ઈબાદતની વ્યવસ્થા કરવી 'બિદઅત' તથા 'ઈસ્લામ વિરુધ્ધ' છે.

એ જ પ્રમાણે એ દિવસે રોઝો રાખવો પણ સાબિત નથી. કિતાબોમાં છે કે કેટલાક લોકોએ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضي الله عنهના ખિલાફતકાળમાં ૨૭ રજબે ખાસ ઈબાદત કરી તથા રોઝો રાખ્યો. આપને ખબર થઈ તો આપ ઘરેથી નીકળ્યા અને એક શખ્સની પાસે પહોંચ્યા અને જબરદસ્તી કહ્યું કે તમે હમણા મારી સામે આવો અને રોઝો તોડો ! આ રીતે તુરત જ એક બિદઅતને ફેલતાં રોકી. આ વાતો તમે જાણી લીધી તો હવે રજબના ખુરાફાતની કોઈ ગુંજાઈશ રહી જ નથી.'' *(સદાએ મર્કઝ માસિક, અંકલેશ્વર, ઓગસ્ટ–૨૦૦૬)*

તો હવે સવાલ એ છે કે :–

**૧.** રજબ મહિનામાં મેઅરાજની કોઈ સાબિતી છે કે નથી ?

**૨.** ૨૭ રજબે શબે મેઅરાજ મનાવવી એ ખરેખર બિદઅત તથા ઈસ્લામ વિરુદ્ધનું કૃત્ય છે ?

૩. ૨૭ રજબના રોઝો રાખવો બિદઅત છે ? અને જે દર્શાવેલ કિતાબમાં હઝરત ઉમરના હવાલાથી જે પ્રસંગ વર્ણવ્યો છે તેની શું અસલ છે ?

દલીલબદ્ધ અને વિગતવાર જવાબ એનાયત ફર્માવીને ક઼ૌમનું માર્ગદર્શન કરશો. *(પ્રશ્નકર્તા : **પટેલ શબ્બીર અલી રઝવી**, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

### ★ ૨૭ રજબે શબે મેઅરાજ વિશે મશ્હૂર મુહદ્દિષોનાં કથનો ★

**અલ્ જવાબ** : اَللّٰهُمَّ هِدَايَةَ الْحَقِّ وَالصَّوَابِ મઅરાજુન્નબીનો દિવસ એક પવિત્ર તથા ઐતિહાસિક દિવસ છે જેની રાતમાં અલ્લાહ તઆલાએ પોતાના પ્યારા નબીને તે કુર્બ (નિકટતા) અર્પણ કર્યો કે અન્ય અંબિયાને એ કુર્બ અતા ન થયો. અને શબે મેઅરાજના રોજ નબી ﷺએ માથાની આંખો વડે જાગૃતાવસ્થામાં પોતાના રબનો દીદાર કર્યો અને એ રાતમાં નમાઝનો તોહફો આપવામાં આવ્યો. આવા મુક઼દ્દસ તથા ઐતિહાસિક દિવસોને **ઐયામિલ્લાહ** (અલ્લાહના દિવસો) કહેવામાં આવે છે, જેને યાદ કરવાનો અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો. ઈર્શાદે ખુદાવંદી છે : وَذَكِّرْهُمْ بِاَيّٰمِ اللّٰهِ ''અલ્લાહના દિવસોની ચર્ચા કરો.'' *(પારા–૧૩, રુકૂઅ–૧૩)*

અને યાદ કરવાની વિવિધ સ્થિતિઓ છે : તે દિવસે રોઝો રાખીને, ખાસ ઈબાદતોની વ્યવસ્થા કરીને અથવા તો જલસો કે ઝિક્રની મેહફિલ ગોઠવીને. અને એ સમયોમાં વર્ણવેલ કાર્યો કરવાની **મનાઈની કોઈ દલીલ જ્યાં સુધી ન મળી જાય ત્યાં સુધી** એ કાર્યો પોતાની અસલના એ'તબારથી **જાઈઝ** થશે.

એ સહીહ છે કે મેઅરાજની તારીખ, મહિના તથા સાલમાં ઉલમાએ સિયર તથા મુહદ્દિષો વચ્ચે જબદસ્ત મતભેદ છે. મેઅરાજ





બઅષત (નબુવ્વતના એલાન) પછી હિજરત પહેલાં કે હિજરત પછી થઈ ? વળી બઅષત પછી હિજરત પહેલાં કેટલા વરસો પહેલાં થઈ ? એમાં પણ વિવિધ કથનો છે, વળી મહિનામાં પણ મતભેદ છે. કોઈકે રબીઉલ અવ્વલ, કોઈકે રબીઉલ આખર, કોઈએ રજબ, કોઈએ રમઝાન, કોઈએ શવ્વાલ કહ્યું.

પણ અધિક મજબૂત તથા મશ્હૂર એ છે કે બઅષત પછી હિજરત પહેલાં ૨૭ રજબની રાતમાં થઈ. મહાન મુહદ્દિષ હાફિઝ અબ્દુલગની મુક઼દ્દસી એ એને જ અપનાવેલ છે. **મવાહિબે લદુન્નિયા**માં છે :–

كَانَ لَيْلَةَ السَّابِعِ وَالْعِشْرِيْنَ مِنْ رَجَبٍ ۔ وَاَخْتَادَهُ الحَافِظُ عَبْدُ الغَنِىْ بِنْ سَرُوَرُ اَلْمُقَدَّسِىْ

**(અર્થ)** : ''મેઅરાજ ૨૭ રજબની રાતમાં થઈ. હાફિઝ અબ્દુલગની મુક઼દ્દસીએ એને અપનાવેલ છે.''

આ ક઼ૌલ હેઠળ **ઝુર્કાની અલલ્ મવાહિબ**માં છે :–

وَعَلَيْهِ عَمَلُ النَّاسِ : قَالَ بَعْضُهُمْ : وَهُوَ الْاَ قْوىٰ فَاِنَّ الْمَسْئَلَةَ اِذَا كَانَ فِيْهَا خِلَافٌ لِلْسَلَفَ وَلَمْ يَقُمْ دَلِيْلٌ عَلىٰ التَّرْجِيْحِ وَ اِقْتَرَنَ الْعَمَلُ بَاَحِدِ الْقَوْلَيْنِ اَوِالْاَقْوَالُ وَ تَلَقّٰى بِالْقُبُوْلِ فَاِنَّ ذٰلِكَ مِمَّا يَغْلُبُ عَلىٰ الظَّنِّ كَوْنُهُ رَاجِحًا ۔

**(અર્થ)** : ''૨૭ રજબવાળા ક઼ૌલ (કથન) પર લોકોનો અમલ છે. અમુક ઉલમાએ ફર્માવ્યું, આ જ કથન અધિક મજબૂત છે, કેમ કે જે મસ્અલામાં સલફ (પૂર્વજ બુઝુર્ગો)નો મતભેદ હોય અને અગ્રતા માટે કોઈ દલીલ ક઼ાયમ ન થાય અને કોઈ એક ક઼ૌલની સાથે અમલ લાગુ થઈ જાય અને તેને ક઼બૂલિયત હાંસલ થાય તો અધિકત્તર ગુમાન એ છે કે એ જ રાજેહ (પસંદીદા) છે.'' *(ઝુર્કાની અલલ મવાહિબ, ભાગ–૨, પેજ–૭૧)*

એટલે કે ૨૭ રજબવાળા કથન પર લોકોનો અમલ છે. અમુક ઉલમાએ ફર્માવ્યું, એ જ કૌલ અધિક મજબૂત છે. કેમ કે જે મસ્અલામાં સલફ (પૂર્વજ બુઝુર્ગો)નો મતભેદ હોય અને અગ્રતા આપવા માટે કોઈ દલીલ સ્થાપિત ન થાય અને કોઈ એક કૌલ સાથે અમલ લાગુ થઈ જાય અને તેને કબૂલિયત હાંસલ હોય તો અધિકત્તર ગુમાન એ છે કે એ જ રાજેહ (પસંદીદા) છે.

અને વહાબીઓ દેવબંદીઓનું એ કહેવું કે, "હુઝૂરની જિંદગીમાં મેઅરાજની રાત વિવિધ વાર આવી, સહાબીઓની જિંદગીમાં કેટલીયેવાર આવી, પણ તે હઝરાતે કદી શબે મેઅરાજ ન મનાવી અને ન કદી મનાવવાનો હુકમ આપ્યો, એટલા માટે એ બેઅસ્લ છે."....**પ્રથમ** તો તેને બેઅસ્લ કહેવું વહાબીઓની જેહાલત છે. નીચે અમે અમુક રિવાયતો નકલ કરીએ છીએ જેનાથી સ્પષ્ટ થઈ જશે કે એના માટે અસ્લ (મૌજૂદ) છે.

**બીજુ** કે એ હઝરાતે જશ્ને મેઅરાજુન્નબી મનાવવાથી મના ક્યારે કર્યું ? વહાબી એને સાબિત કરી આપે ! અને **જ્યારે વસ્તુમાં અસલ અબાહત (મુબાહ હોવું) છે તો અસલના એ'તબારથી જાઈઝ હોવાનો હુકમ થશે.**

**ત્રીજુ** એ કે જો વહાબીઓને દરેક કામ માટે અસલની જરૂરત હોય તો પછી બતાવે કે દારુલ ઉલૂમ દેવબંદનો "સદ સાલા જશ્ન" (શતાબ્દીનો જશ્ન) મનાવવામાં આવ્યો તેની શું અસ્લ છે ? શું કુરૂને ષલાષા (રસૂલ, સહાબા, તાબઈના જમાના)માં આ પ્રકારનો કોઈ "સદ સાલા જશ્ન" થયો હતો ? હવે અમે એ રિવાયતોને વર્ણવીએ છીએ જેનાથી શબે મેઅરાજના રોજ ખાસ ઈબાદતોની વ્યવસ્થા કરવાની તથા ૨૭ રજબે નફલી રોઝો રાખવાની સાબિતી પૂરી પડે છે.



અહલે સુન્નતના હક્કનો ચમકાર !

## ★ ૨૭ રજબે ઈબાદત તથા રોઝાની સાબિતી ★

'બયહકી' તથા 'શોઅબુલ ઈમાન' તથા 'દયલમી'એ 'મુસ્નદુલ ફિરદોસ'માં સલ્માન ફારસી رضی اللہ عنہથી મરફૂઅન્ રિવાયત કરી કે :–

**فِی رَجَبٍ یَوْمٌ وَلَیْلَةٌ مَنْ صَامَ ذٰلِكَ الْیَوْمَ وَقَامَ تِلْكَ اللَّیْلَةَ کَانَ کَمَنْ صَامَ الدَّھْرَ مِأَةَ سَنَةٍ وَھُوَ لَثَلٰثٌ بَقِیْنَ مِنْ رَجَبٍ وَفِیْهِ بَعَثَ اللّٰهُ تَعَالٰی مُحَمَّداً صلی اللہ علیہ وسلم قَالَ الْبَیْھَقِیْ مُنْکَرٌ**

**"રજબમાં એક દિવસ અને એક રાત છે, જે એ દિવસનો રોઝો રાખે અને તે રાત નવાફિલ (નફલો પઢવામાં) પસાર કરે તે સો (૧૦૦) વરસના રોઝાઓ તથા સો (૧૦૦) વરસની શબ બેદારીના સમાન થશે અને તે ૨૭ રજબ છે.** એ જ તારીખે અલ્લાહ عزوجلએ મુહમ્મદ صلی اللہ علیہ وسلمને મબઊષ કર્યા.

તેમજ એમાં જ અબાન ઈબ્ને અયાશના તરીકાથી હઝરત અનસ رضی اللہ عنہથી મરફૂઅન્ રિવાયત પામેલ છે :–

**فِیْ رَجَبٍ لَیْلَةٌ یُکْتَبُ فِیْھَا لِلْعَامِلِ حَسَنَاتِ مِأَةَسَنَةً وَذٰلِكَ لَثَلٰثُ بَقِیْنَ مِنْ رَجَبٍ فَمَنْ صلی فِیْهِ اثْنَتٰی عَسْرَةَ رَکْعَةً یَقْرَءُ فِیْ کُلِّ رَکْعَةٍ فَاتِحَةَ الْکِتَابِ وسُوْرَةً مِنَ الْقُرْآنِ وَیَتَشَھَّدُ فِیْ کُلِّ رَکْعَةٍ وَیُسَلِّمُ فِیْ آخِرِھِنَّ ثُمَّ یَقُوْلُ سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَکْبَرُ مِأَةَ مَرَّةً وَ یَسْتَغْفِرُ مِأَةَ مَرَّةً وَیُصَلِّیْ عَلٰی النَّبِیْ صلی اللہ علیہ وسلم مِأَةَ مَرَّةً وَیَدْ عُوْلِنَفْسِهِ بِمَا شَاءَ مِنْ دُنْیَاهِ اَوْ آخِرَتِهِ وَیُصْبِحُ صَائِماً فَاِنَّ اللّٰهَ یَسْتَجِبُ دُعَاءَ ہُ کُلَّهُ اِلَّا اَنْ یَدْ عُوْن فِیْ مَعْصِیَةٍ۔**

**"રજબમાં એક રાત છે કે એમાં નેક અમલ કરવાવાળાને સો (૧૦૦) વરસની નેકીઓનો સવાબ છે અને તે રજબની ૨૭મી રાત છે. જે એમાં બાર રકાતો પઢે, દરેક રકાતમાં સૂરએ ફાતિહા અને એક સૂરત અને દરેક બે રકાત પર**

**અત્તહિ઼્રયાત અને છેવટમાં સલામ બાદ سُبۡحَانَ اللّٰهِ وَالۡحَمۡدُ لِلّٰهِ وَلَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكۡبَرۡ *સુબ્હાનલ્લાહિ વલ્ હમ્દુલિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર* સો વાર, ઈસ્તિગફાર સો વાર, દુરૂદ સો વાર. અને પોતાની દુનિયા તથા આખેરતથી જે ચીજની ચાહે દુઆ માંગે અને સવારે રોઝો રાખે તો અલ્લાહ તઆલા તેની સર્વ દુઆઓ ક઼બૂલ ફર્માવે.**

**قَالَ الۡبَيۡهَقِىۡ هُوَا اَضۡعَفُ مِنَ الَّذِىۡ قَبۡلَهٗ قَالَ اِبۡنُ هَجَرٍ فِيۡهِ مُتَّهِمَانِ**

'ફવાઈદુન્નિહાદ'માં અનસ رضی اللہ عنہથી મરફૂઅન્ રિવાયત થયેલ છે :–

**بُعِثۡتُ نَبِيًّا فِىۡ السَّابِعِ وَالۡعِشۡرِيۡنَ مِنۡ رَجَبٍ مَنۡ صَامَ ذٰلِكَ الۡيَوۡمَ وَدَعَا عِنۡدَ اِفۡطَارِهٖ كَانَتۡ كَفَّارَةً عَشَرَ سِنِيۡنَ**

**(અર્થ) : ''સત્તાવીસ (૨૭) રજબે મારી બઅષત થઈ, જે એ દિવસનો રોઝો રાખે અને ઈફતારના વખતે દુઆ કરે તે દસ વરસના ગુનાહોનો કફ્ફારો બનશે.''** **اَسۡنَادُهٗ مُنۡكَرٌ**

જુઝએ અબૂ મઆઝ મરૂઝીમાં શહર ઈબ્ને હવશબના તરીક઼ાથી અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરફૂઅન્ રિવાયત થયેલ છે :–

**مَنۡ صَامَ يَوۡمَ سَبۡعٍ وَعَشۡرِيۡنَ مِنۡ رَجَبٍ كَتَبَ اللّٰهُ لَهٗ صِيَامَ سِتِّيۡنَ شَهۡرًا وَهُوَ الۡيَوۡمُ الَّذِىۡ هَبَطَ فِيۡهِ جِبۡرَئِيۡلُ عَلٰى مُحَمَّدٍ صلی اللہ علیہ وسلم بِالرِّسَالَةِ۔**

**''જે રજબની ૨૭નો રોઝો રાખે તો અલ્લાહ તઆલા તેના માટે ૬૦ મહિનાના રોઝાઓનો સવાબ લખે,** અને તે એ દિવસ છે જેમાં જિબ્રઈલ علیہ السلام મુહમ્મદ صلی اللہ علیہ وسلمના માટે પયગંબરી લઈને નાઝિલ થયા. 'તન્ઝીહુશ્શરીઅહ્'થી 'મા ષબત બિસ્સુન્નહ્'માં છે : **وَهٰذَا اَمۡثَلُ مَا وَرَدَ فِىۡ هٰذَ الۡمَعۡنٰى** ''આ તે સર્વ





હદીષોથી બેહતર છે જે આ પ્રકરણમાં આવી.''

આ સર્વ એના માટે (શબે મેઅરાજ ૨૭ રજબ તથા તેની ઈબાદતો રોઝા માટે) અસ્લ છે. અને અમલોની ફઝીલતોમાં ઝઈફ હદીષ ઉમ્મતના ઈજમાઅ સાથે મક઼બૂલ (સ્વીકાર્ય) છે. *(માખૂઝ અઝ ફતાવા રઝવિય્યહ્, ભાગ–૪, પેજ–૬૫૭)*

## ★ એક બાતિલ અક઼ીદાનું ખંડન ★

એવું લખવું કે, ''મેઅરાજનો બનાવ નબી صلی اللہ علیہ وسلمને પયગંબરી મળવાના પાંચ વરસો પછી બન્યો.'' એ વાત દેવબંદીઓના એ બાતિલ અક઼ીદાને જાહેર કરે છે કે, ''હુઝૂર صلی اللہ علیہ وسلمને ૪૦મા વરસે નબુવ્વત મળી.'' જ્યારે કે સહીહ એ છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم પેદાઈશી નબી છે અને આપે ઉમરના ૪૦મા વરસે નબુવ્વતનું એલાન કર્યુ.

એના અનુસંધાનમાં ઘણી બધી હદીષો આવેલી છે, લખાણ ટૂંકાવવા ખાતર કેવળ બે હદીષો વર્ણન કરીએ છીએ :–

**عَنۡ اَبِىۡ هُرَيۡرَةَ قَالَ : قَالُوۡا يَارَسُوۡلَ اللّٰهِ مَتٰى وَجَبَتۡ لَكَ النُّبُوَّةُ قَالَ وَ اٰدَمُ بَيۡنَ الرُّوۡحِ وَالۡجَسَدِ۔**

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત થયેલ છે. તેમણે કહ્યું કે, સહાબાએ પૂછયું, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આપના માટે નબુવ્વત ક્યારે જાહેર થઈ ? તો ફર્માવ્યું, જે વખતે આદમ રૂહ તથા શરીરની દરમ્યાન હતા.'' *(મિશ્ક઼ાત, પેજ–૫૧૩)*

**عَنِ الۡعِرۡبَاضِ بۡنِ سَارِيَةَ عَنۡ رُسُوۡلِ اللّٰهِ صلی اللہ علیہ وسلم اَنَّهٗ قَالَ اِنِّىۡ عِنۡدَ اللّٰهِ مَكۡتُوۡبٌ خَاتِمَ النَّبِيِّنَ وَاٰدَمَ لِمُنۡجَدِلَ فِىۡ طِيۡنَتِهٖ**

''અરબાઝ બિન સારિયાથી રિવાયત થયેલ છે. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, હું અલ્લાહની નજીક તે વખતે પણ ખાતિમુન્નબીય્યીન હતો જ્યારે આદમ પૂતળાના સ્વરૂપમાં જમીન

પર રાખેલા હતા." *(હવાલો : ઉપર મુજબ)*

ઉપરોક્ત વિગતોની રોશનીમાં ત્રણેવ સવાલોના જવાબો સ્પષ્ટ થઈ ગયા.

**લખનાર : (મુફ્તી) શમ્શાદ અહમદ મિસ્બાહી** *(ખાદિમુલ ઈફ્તા વ તદરીસ : જામિઆ અમજદિયા રઝવિય્યહ, ઘોસી, જિ. મઊ)*

દેવબંદીઓ તથા વહાબીઓ ખઝ઼ઝલ હુમુલ્લાહુ તઆલાને અલ્લાહના મહબૂબ બંદાઓને ખાસ કરીને સૈયદના રહ્‌મતુલ્ લિલ્ આલમીન સૈયદુલ મહબૂબીન ﷺની અઝમત તથા મહોબ્બત પર દલીલ પૂરી પાડનારી ચીજોથી ચીડ છે, અને તેને ખેંચીતાણીને બેદલીલ બલ્કે દલીલ વિરુદ્ધ શિર્ક તથા બિદઅત અને બિન ઈસ્લામી કામ સાબિત કરવાની કોશિશ કરે છે. શું જે વાતમાં ઉલમાનો મતભેદ થઈ ગયો હોય તેને બિદઅત તથા ગૈર ઈસ્લામી કામ કહેવું જરૂરી છે ? જો એ સહીહ થઈ જશે તો ફિક઼્હના સર્વ પ્રકરણોનો મોટાભાગનો હિસ્સો ગૈર ઈસ્લામી થઈ જશે ! ઉલમાનો અમલ એ ખૂદ એક દલીલ છે. સહાબાના જમાનામાં પછી તાબઈનના જમાનામાં ઘણા બધાં કામો થતાં ન હતાં પણ આ જમાનામાં એ 'મુસ્તહસન' છે. જેમ કે : મસ્જિદોના મીનારાઓ, ગુંબદ અને એમાં ટાઈલ્સ તથા માર્બલનાં કામો, મદરસાઓનાં બાંધકામો, મદરસાના ચંદાઓ, તેની રસીદો અને ફિક઼્હ તથા હદીષ, તફસીરની તા'લીમ, પગારોનું નિશ્ચિત કરવું.....વગેરે. આ સૌ શું હરામ તથા બિદઅત છે ? હરગિઝ નહીં ! એટલા માટે હરામ હોવાની દલીલ વિના કોઈ કામને હરામ કહેવું હરામ બદ્અંજામ છે જે વહાબીઓનું મુક઼દ્દર છે. અલ્લાહ તઆલાને પોતાના મહબૂબની અઝમત પસંદ છે એટલા માટે તેમની અઝમત તથા મહોબ્બતની નિસ્બત પર અલ્લાહની ઈબાદતો કરવી





ક઼બૂલિયતનો સબબ જાણવું દુરુસ્ત છે. રસૂલે પાક ﷺનો ઈર્શાદ છે, **مَارَاٰهُ الْمُسْلِمُوْنَ حَسَناً فَهُوَ عِنْدَ اللّٰهِ حَسَنٌ** "જેને મુસલમાનો સારું જાણે તે અલ્લાહના નજીક પણ સારું છે."

ફાઝિલ મુજીબ નો જવાબ કાફી શાફી છે. રબ્બે ક઼દીર સારા બદલાથી નવાઝે. વલ્લાહુ તઆલા અઅ્‌લમ.

**–ફકીર ઝિયાઉલ મુસ્તફા ક઼ાદરી ગુફિરલહૂ**
*(૧૦–ઝિલ ક઼અદા, હિ.સ. ૧૪૨૯)*

બીજું એ કે દેવબંદી સદાએ મર્કઝ (માસિક) લખે છે કે, **"મેઅરાજમાં હુઝૂર સાતેવ આસ્માનો સુધી તશરીફ લઈ ગયા, એટલે સુધી દુરુસ્ત છે."** તો શું બાકીનો પ્રસંગ, અર્શ પર હુઝૂર ﷺની જલ્વાગરી, લામકાં પહોંચવું, રબ તઆલાનો માથાની આંખોથી દીદાર કરવો......એ બધું નથી માનતા ? અલ્લાહ તઆલા તેના મહબૂબ ﷺને બુઝુર્ગી આપે છે તો વહાબી દેવબંદીઓને શા માટે જલન થાય છે કે એમાંય મરતાં મરતાં કહેતા હોય તેમ પોતાના તરફથી સીમાઓ લગાડીને લખે છે !

### ★ શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વીનો ક઼ૌલ શું છે ? ★

તદ્ઉપરાંત જેમને દેવબંદીઓ પણ પોતાના માનીતા ગણવાનો દાવો કરે છે તે મુહક્કિ઼ક઼ે અલલ્ ઈત્લાક઼ શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ પણ **૨૭ રજબે શબે મેઅરાજ મનાવવાને બિદઅત, નાજાઈઝ કે હરામ નથી કહ્યું,** બલ્કે ૧૦મી તથા ૧૧મી સદીના આ સર્વ માન્ય મુહદ્દિષ પોતાની કિતાબ "માષબત બિસ્સુન્નહ"માં લખે છે : **(અર્થ) : "અરબ શરીફના શહેરોમાં ૨૭ રજબ મેઅરાજ પાકના માટે મશ્હૂર છે."** *(માષબત બિસ્સુન્નહ, પેજ–૩૫૦)*

તેમજ હાશિયા શર્હે અક઼ાઈદમાં **રૌઝતુલ અહબાબ**ના હવાલાથી

છે કે, **''હરમૈન શરીફૈનમાં થતા અમલ મુજબ શબે મેઅરાજ ૨૭ રજબ છે.''** *(હાશિયા શર્હે અક઼ાઈદ, પેજ–૧૪૨, મતબૂઆ મજલિસે બરકાત)*

## ★ ૨૭ રજબે મેઅરાજ સંબંધે મતભેદથી ઈબાદત હરામ થવાનું કોઈ કારણ નથી ★

હજ્જમાં અરફાતમાં હાજરી તથા બકરા ઈદની કુર્બાની બાબતે શરીઅતનો નિશ્ચિત હુકમ છે કે તે જે તે દિવસોમાં જ જાઈઝ છે, અન્ય દિવસોમાં થશે નહીં. પણ શબે મેઅરાજમાં ઈબાદત માટે એવો કોઈ હુકમ તો નથી જેથી ૨૭ રજબે થતી નફ્લી ઈબાદત વગેરે નાજાઈઝ કઈ રીતે થશે ?! નફલી ઈબાદત તો ગમે ત્યારે કરી શકાય છે ! મસ્જિદમાં ઈબાદત માટે એકત્ર થવું એ મસ્અલા પર નજીકના ભૂતકાળના મક્કા શરીફના મહાન મુહદ્દિષ અલ્લામા સૈયદ મુહમ્મદ બિન અલ્વી બિન માલિકી قدس سرہએ પોતાની કિતાબ ''અલ્ અન્વારુલ્ બહિય્યહ્ મિન્ ઈસ્રાઅ્ વ મિઅરાજિ ખૈરુલ બરિય્યહ્''માં ભરપુર ચર્ચા કરી છે જેનો સાર નીચે રજૂ કરીએ છીએ :–

''મેઅરાજ પાકના સંબંધે સમયની નિશ્ચિતતા બાબતે ઉલમાનો મતભેદ આપણા ૨૭ રજબના રોજ ભેગા થવા પર અસરઅંદાઝ નથી થઈ શકતો, એટલા માટે કે આપણે કોઈ ખાસ વખતમાં ભેગા થવા બાબતની શરઈ તાક઼ીદનો અક઼ીદો નથી ધરાવતા, એ એક આદત મુજબનું કાર્ય છે કે લોકો ભેગા થાય અને એમાં નસીહતની વાતો થાય, ચાહે લોકો સમયને નિશ્ચિત કરવામાં દુરુસ્ત હોય કે ખતા પર. **લોકોનું અલ્લાહ عزوجلના ઝિક્ર તથા હુઝૂર صلی اللہ علیہ وسلمની મહોબ્બતમાં ભેગા થવું અલ્લાહ عزوجلના ફઝ્લ તથા રહમતની પ્રાપ્તિના માટે પૂરતુ છે.** નિઃશંક ! તેમનું ભેગા થવું અલ્લાહ





جل جلالہની રઝાના માટે છે જેથી **તેઓ જો સમય નિશ્ચિત કરવામાં ખતા પણ કરે તો પણ તેમનું આ ભેગા થવું અલ્લાહ جل جلالہની નજીક મક઼બૂલ છે,** એટલા માટે કે આ અમલ કોઈ નિશ્ચિત સમય મુજબની અથવા ફિક્સ સમયવાળી કૈફિયતની ઈબાદત નથી, બલ્કે એ એક ઉમદા આદત અને મક઼બૂલ કાર્ય છે. *(અલ્ અન્વારુલ્ બહિય્યહ્, પેજ–૮, ૯)*

## ★ હે દેવબંદીઓ ! તમારા માનીતા બુઝુર્ગોનું તો માનો ! ★

જેની આંખોમાં રોશની છે તેના માટે આટલી વાતો હક્ક઼ સમજવા માટે પૂરતી છે અને હઠધર્મીનો કોઈ ઈલાજ નથી હોતો. અંતમાં દેવબંદીઓના જ પેશવાઓની ઝબાની કોઈ ચીજના જાઈઝ તથા નાજાઈઝ હોવા વિશેનો ખુલાસો જોઈ લો :–

**દેવબંદી પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી** લખે છે : ''જનાબ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم તથા સહાબા رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن ના કથન કે અમલનું ન હોવું કોઈ કથન કે અમલના નાજાઈઝ હોવાની દલીલ નથી. હુકમ ન હોવા માટે દલીલની જરૂરત છે. જાણકારીનું ન હોવું પૂરતુ નથી.'' *(બહવાલા મૌલાના ઈસ્માઈલ ઔર તક઼વિયતુલ ઈમાન, પેજ–૧૦૮)*

**મોલ્વી રશીદ અહમદ ગંગોહી દેવબંદી** જણાવે છે : ''નાજાઈઝ હોવા માટે એ દલીલ નથી કે કોઈએ કુરૂને ખૈર (રસૂલ, સહાબાના જમાના)માં એને નથી કર્યું.'' અને ''જાઈઝ તથા નાજાઈઝમાં જાઈઝ હોવા તરફ જવું જોઈએ.'' *(ફતાવા રશીદિયહ્, પેજ–૨૨૮)*

**જનાબ ક઼ારી મુહમ્મદ તૈયબ માજી મોહતમિમ દારુલ ઉલૂમ દેવબંદ**ની સાંભળો ! તે પણ કહે છે : ''વર્ણન થયેલ ન હોવાનો અર્થ તદન જ જાઈઝ ન હોવાનો નથી. વર્ણન ન હોવું એ વસ્તુ ન હોવાનો આધાર નથી. વર્ણન ન હોવાનો અર્થ દુનિયામાં ક્યાંય પણ નકાર તથા મનાઈનો નથી થતો.'' *(કલિમાએ તૈયબહ,*

*પેજ : ૯૧–૫૭–૪૮)* સારાંશ કે કોઈ નક઼લનું ન મળવું સુન્નત હોવાનો નકાર તો થઈ શકે છે, પણ તેના હોવાનો કે જાઈઝ હોવાનો નકાર નહીં થઈ શકે.

**★ નાજાઈઝ કહેવા માટે નસ (શરઈ દલીલ) જોઈએ અને એ જિમ્મેદારી નાજાઈઝ કહેનાર પર છે ★**

**'ફુયૂઝુલ બારી'ના લેખક લખે છે :** ''જ્યારે કોઈ વ્યક્તિ કોઈ ચીજને મના તથા ઈન્કાર કરે અને તેને હરામ તથા મકરૂહ અને નાજાઈઝ કહે, તો સાંભળો ! જાણી લો ! સાબિત કરવાના બોજાની જિમ્મેદારી તેના માથે છે, જ્યાં સુધી ઉઘાડી શરઈ દલીલ વડે સ્પષ્ટ ન કરી આપે ત્યાં સુધી એનો દાવો એના પર મરદૂદ. અને જાઈઝ તથા મુબાહ કહેનાર એનાથી મુક્ત છે કે એના માટે અસલથી દલીલ મૌજૂદ છે. **આ ક઼ાયદો કુર્આની દલીલ, નબવી હદીષો તથા હનફી, શાફઈ વગેરે મહાન આમ ઉલમા તથા ઈમામોના ખુલાસાઓથી સાબિત છે. એટલે સુધી કે કોઈ આલિમ એમાં વિરોધ કરતો નથી જોવા મળ્યો.** *(ફુયૂઝુલબારી, પેજ–૩/૨૧૯)*

**મિયાં નઝીરહુસૈન દહેલ્વી (દેવબંદી)નું એક કથન જુઓ :** ''અને બેભાન ! મૂર્ખ ! ખુદા તથા રસૂલ ﷺનું જાઈઝ ન કહેવું અલગ વાત છે અને નાજાઈઝ કહેવું જુદી વાત છે. એ તો બતાવો કે તમે જે નાજાઈઝ કહો છો તેને ખુદા વ રસૂલે નાજાઈઝ ક્યાં કહ્યું છે ?!'' *(ઈક઼ામતુલ ક઼િયામહ્, પેજ–૨૯)*

**'ફુયૂઝુલ્બારી'**માં છે : ''જે શખ્સ કોઈ વાતનો દાવેદાર હોય તો તેને સાબિત કરવાની જિમ્મેદારી તેના માથે છે. પોતે પોતાના દાવાની સાબિતી ન આપે અને બીજા લોકોથી ઉલ્ટી સાબિતી માંગતો ફરે તે પાગલ તથા ગાંડો કહેવાય છે અથવા ધોકાબાઝ ફિત્નાખોર.





*(ફુયૂઝુલ બારી, ૩/૨૨૦, બહવાલા બિદઅત કી હક઼ીક઼ત, પેજ–૧૨૯, ૧૩૦, અલ્ મજમઉલ મિસ્બાહી, મુબારકપુર)*

ઉપરોક્ત ચર્ચાથી સાબિત થયું કે શબે મેઅરાજ ૨૭ રજબે મનાવવાને તથા ૨૭ રજબે ઈબાદત તથા રોઝા રાખવાને **નાજાઈઝ, હરામ, બિદઅત** અને **વાહિયાત** તથા **ગુનાહનું કામ** કહેનાર અક્કલકૂવાના 'બયાને મુસ્તફા' તથા અંકલેશ્વરના 'સદાએ મર્કઝ' તથા અન્ય માસિકો તેમજ પરચા કાઢનારા દેવબંદીઓ સચોટ શરઈ દલીલોથી એમની વાતને પુરવાર કરે અથવા તૌબા કરે. કારણ કે એમની તરકટ દલીલો કે, ''રસૂલ, સહાબાના જમાનામાં ન થયું એટલે નાજાઈઝ તથા હરામ''ના તાર તાર આ ચર્ચામાં વેરાઈ ચૂક્યા છે !

રહી વાત સદાએ મર્કઝ (માસિક)ની હઝરત ઉમર થકી રોઝો તોડાવવાની વાત, તો એની રજૂઆત અધ્ધર જ જણાય છે ! કારણ કે એ બનાવ સંબંધે કોઈ વિશ્વસનીય કિતાબનો હવાલો નથી આપ્યો પણ લખી દીધું કે, ''કિતાબોમાં છે કે......'' તો કઈ કિતાબો ? તેનાં શું નામો છે ? તે રજૂ કરો ! (તો તેની અસલિયત પણ જોઈ લઈએ !) જેમ કે અમોએ આ લેખમાં ''વિશ્વસનીય મુહદ્દિષો તથા ફક઼ીહોની કિતાબોના મૂળ અરબી લખાણ સાથે હવાલા રજૂ કરી ૨૭–રજબે શબે મેઅરાજમાં ઈબાદત કરવા તથા રોઝો રાખવાના હવાલા પેશ કર્યા છે, ફક્ત હવાઈ વાતો રજૂ કરીને કોઈ ચીજ હરામ તથા નાજાઈઝ નથી થતી !

સર્વ કલ્માગો હઝરાતને અમારી વિનંતિ છે કે કોઈની ખોટી દલીલ વિહોણી કે કઢંગી દલીલોવાળી વાતોથી ગાડરીયા પ્રવાહ જેમ તેમની પાછળ દોરાય ન જાય બલ્કે હક્ક઼ નાહક્ક઼ની છાનબીન કરીને જ આગળ વધે. અને જેઓ કેવળ ઝભ્ભા કુભ્ભા, દાઢી અને જાહેરી ઈબાદતો જોઈને દેવબંદી ફિર્ક઼ા પ્રતિ આકર્ષાયા હોય તેમને અમારી વિનંતિ છે કે જો તમે તમારી આખેરતને બર્બાદ કરવા ન

માંગતા હોઉ તો અમોએ પ્રસિદ્ધ કરેલ દેવબંદિયતની અસલિયત દર્શાવતી કિતાબો વાંચી તેમના કુફ્રી અક઼ીદાઓની માહિતી મેળવી લો અને તમારાં ઈમાનની રક્ષા કરો એ જ વિનંતિ છે. અત્રે દેવબંદીઓની અસલિયત જાણવા માટે તેમની જ કિતાબોમાંથી તેમના અમુક **ગુમરાહ કરનાર અક઼ીદા** રજૂ કરીએ છીએ તેને પણ જોતા ચાલો :–

- ☞ ખુદા તઆલા જૂઠુ બોલી શકે છે. *(મસ્અલા ઈમ્કાને કિઝબ, બરાહીને કાતિઆ, લેખક : ખલીલ અંબેઠવી, જહદુલ મિક઼લ, લેખક : મેહમૂદ હસન)*
- ☞ હુઝૂર ﷺ પછી પણ નબી થઈ શકે છે. *(તહઝીરુન્નાસ, લેખક : ક઼ાસિમ નાનોત્વી)*
- ☞ શૈતાન અને મલિકુલ મૌતનું ઈલ્મ હુઝૂર ﷺ કરતાં વધારે છે. *(બરાહીને કાતિઅહ્)*
- ☞ હુઝૂર ﷺનું ઈલ્મ બાળકો, પાગલો, જાનવરોની જેમ કે એમના સમાન છે. *(હિફ઼ઝુલ ઈમાન, લેખક : અશરફઅલી થાનવી)*
- ☞ હુઝૂર ﷺને ઉર્દૂ (ભાષા) બોલવું મદરસા દેવબંદથી આવડી ગયું. *(બરાહીને કાતિઅહ)*
- ☞ નમાઝમાં હુઝૂર ﷺનો ખયાલ લાવવો એ આપણા ગધેડા, બળદના ખયાલમાં ડૂબી જવાથી અધિક ખરાબ છે. *(સીરતે મુસ્તકીમ, લેખક : ઈસ્માઈલ દહેલ્વી)*

સ્થળ સંકોચને કારણે વધુ નથી લખતા. આ તો કેવળ તેમના ગંદા અક઼ીદાઓની ઝલક છે, વધુ માટે દયાદરાથી કિતાબો મંગાવો : રહનુમાએ હક્ક઼, ઝલઝલા, આવો એક પ્લેટ ફોર્મ પર થઈ જઈએ, હક્ક઼ નાહક્ક઼ની પેહચાન, સુન્ની દેવબંદી મતભેદની ન્યાયી તપાસ, શું ખુદા જૂઠુ બોલી શકે ?.... વગેરે.





## દેવબંદી ધર્મનો પાયો

## તૌહીદની આડમાં નબી વલીની તૌહીન !

ગયા અંકમાં શબે મેઅરાજ મનાવવાને, તેમાં ઈબાદતો કરવાને, રોઝો રાખવાને નાજાઈઝ તથા હરામ કહેનાર દેવબંદી ફ઼િર્કાનાં માસિક કહેવાતા "બયાને મુસ્તફ઼ા" (અક્કલકૂવા) તથા 'સદાએ મર્કઝ' (અંકલેશ્વર) તથા અન્ય દેવબંદીઓના ખયાલની ધજ્જીઓ ઉડાડી દેવામાં આવી અને તેમના જૂઠ, ધોકા તથા પ્રપંચને ઉઘાડો કરી સેંકડો વરસથી ચાલતા ઉલમા તથા બુઝુર્ગોના અમલ ૨૭ રજબ શબે મેઅરાજ મનાવવું, તેમાં ઈબાદત તથા રોઝા રાખવાનું હક્ક઼ તથા સવાબ હોવું ચમકતા સૂરજ જેમ રોશન કર્યું. હવે આ અંતિમ લેખમાં **"તૌહીદની આડમાં નબી વલીની તૌહીન"** કરવાની તેમની બુરી આદતને પણ જાહેર કરી દઈએ તથા પોતાના જ રચેલા તૌહીદના ક઼ાનૂનોનું ખૂન તેઓ જાતે જ કઈ રીતે કરી રહ્યા છે તથા પોતે જ મુશ્રિક ઠરી રહ્યા છે તેનો પણ પર્દાફાશ કરીને તેમની મુનાફ઼િક઼તને તદ્દન સ્પષ્ટ કરી દઈએ જેથી સુન્નીઓ તેમના છેતરામણા આ બહુરૂપીપણાને ઓળખી લે અને તેમના સાયાથી પણ દૂર રહે, અને જાહેરી અમલને જોઈને તેમનાથી છેતરાઈને તેમના ફંદામાં ફસાયા હોય તેઓ પણ તેમના ફંદામાંથી બહાર આવી જાય.

### ★ દેવબંદીની સ્વરચિત જૂઠી તૌહીદ ! ★

ઓકટોબર–૨૦૦૮ અક્કલકુવાના કહેવાતા 'બયાને મુસ્તફ઼ા' માસિકમાં પેજ નં. ૭૭ થી ૮૩ સુધીનાં પેજોમાં 'જામિઆ અક્કલકુવા'ના દસ્તારબંદીના વાર્ષિક જલસાનો રિપોર્ટ રજૂ થયો જેમાં દેવબંદી જમિયતે ઉલમાના પ્રમુખ પદ માટે કાકા ભત્રીજામાં

અંદરો અંદરો પુષ્કળ લડાઈ ઝઘડા બાદ પ્રમુખની ખુરશી પર ચડી બેઠેલા કાકા મૌલાના અર્શદ મદનીએ દેવબંદી વિચારસરણી જે નબી વલીની ગુસ્તાખીમાં લથપથ છે તેને રજૂ કરી પોતાનું પોત પ્રકાશ્યું છે. ગામે ગામ ને શહેર શહેર ફરી મુસ્લિમ એકતાનો ઝંડો લઈને ફરનારા જામિઆના બાની મોલ્વી વસ્તાનવીની અસલિયત પણ તેમાં છતી થઈ છે કે તેમનો આશય એ છે કે **આપણે બધા એક પ્લેટફોર્મ પર આવી જઈએ એટલે કે બધા જ દેવબંદી થઈ જઈએ !** એ જ એમની મેલી મુરાદ છે જેને કેટલાય ભોળા ભોટ કહેવાતા સુન્ની લીડરો સમજતા નથી.

આ મોલ્વી અર્શદ દેવબંદીએ જલસામાં તૌહીદ પર લેક્ચર આપ્યું છે અને તૌહીદના ખરા ઠેકેદારો એઓ જ છે એવી ગુલબાંગો પોકારી છે. એ જો સાચે જ તૌહીદના ઠેકેદાર છે તો તેમની પણ લેખના અંતમાં કસૌટી થઈ જશે, પણ તૌહીદના નામે પણ તેઓ લોકોને કઈ રીતે ગુમરાહ કરી રહ્યા છે તેને જોતા ચાલો. "અલ્લાહ એક છે, તેનો કોઈ ભાગીદાર નથી, તે જ ઈબાદતને લાયક છે, તે જ વાજિબુલ્ વજૂદ છે તથા તમામ ખજાનાઓ, દરેક ચીજનો હક઼ીક઼ી માલિક અલ્લાહ જ છે, તે જ સર્વ શક્તિમાન છે, તેની ઝાત સિવાય (હક઼ીક઼ી મદદગાર સમજી) કોઈને સવાલ કરવામાં નહીં આવે.....વગેરે."

ઉપરોક્ત વર્ણવ્યો એ અક઼ીદો એવો છે જેનો કોઈ **જાહિલથી જાહિલ મુસલમાન પણ ઈન્કાર નથી કરતો ! દરેક મુસલમાન આ જ વાત માને છે.** પણ આ રજૂઆતમાં લોકોને ગુમરાહ અહીં કરવામાં આવે છે કે, **"અલ્લાહની ઝાત સિવાય બીજા કોઈની પાસે કોઈ જ સવાલ કરવામાં નહીં આવે, અલ્લાહ સિવાય કોઈની પાસે કશું જ માંગવામાં નહીં આવે. જ્યારે પણ માંગવામાં આવશે અલ્લાહ પાસે જ માંગવામાં આવશે.**





**જ્યારે મદદ માંગવામાં આવશે અલ્લાહની પાસે માંગવામાં આવશે. અલ્લાહની ઝાત સિવાય નથી કોઈ આપનાર તેમજ અલ્લાહની ઝાત સિવાય નથી વિશ્વ ભંડારોનો માલિક..... વગેરે."** અંતમાં એ અક઼ીદો જાહેર કર્યો કે **અલ્લાહ સિવાય અન્ય પાસે કાંઈ પણ માંગવું જાઈઝ નથી.** એના અનુસંધાનમાં હદીષ પણ રજૂ કરીને સમજાવ્યુ કે **હુઝૂર ﷺએ અલ્લાહ સિવાય કોઈની મદદ લેવાની ના પાડી છે.** કુર્આનની આયત **ઈય્યાક નઅ્બુદુ વઈય્યાક નસ્તઈન**ની તફસીર પણ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہના હવાલાથી સમજાવી કે, "હે અલ્લાહ ! અમે **તારી જ ઈબાદત કરીએ** છીએ અને **તારી જ મદદ ચાહીએ** છીએ."

અને જંગે બદ્રમાં ૩૧૩ સહાબા સાથે જનાર નબી કરીમ ﷺનો પ્રસંગ પોતાના અંદાઝમાં વર્ણવ્યો. જેઓ લોખંડના બખ્તરથી સજ્જ હતા. .....*(બયાને મુસ્તફા, ઓગસ્ટ–૨૦૦૮, પેજ–૮૦, ૮૧)*

## ★ શું રસૂલ તથા સહાબા તૌહીદ ન સમજતા હતા ?! ★

અહીં પ્રશ્ન કરનાર એ પ્રશ્ન કરી શકે છે અને એનો પ્રશ્ન યોગ્ય સ્થાને છે કે, "હુઝૂર ﷺ તો તૌહીદનો પ્રચાર કરવા આવ્યા હતા અને અલ્લાહ સિવાય કોઈની મદદ લેવી જેમ દેવબંદી કહે છે કે જાઈઝ નથી તો **અલ્લાહના રસૂલે આ ૩૧૩ સહાબાની મદદ જંગે બદરમાં કેમ લીધી ?** તેમને શા માટે જંગમાં જોડયા ? વળી **સહાબાએ પણ જાન બચાવવા તથા ઈજાથી બચવા તલ્વારો, બખ્તરોની મદદ શા માટે લીધી ?** શું રસૂલે ખુદા તથા સહાબા પણ તૌહીદમાં કાચા હતા કે અલ્લાહ સિવાયનાથી મદદ લીધી ? અથવા શું દેવબંદીઓ રસૂલની મદદમાં સાથે આવેલા સહાબાને તથા તેમના બખ્તરોને ખુદા માને છે ?! શું જવાબ છે મોલ્વી અર્શદ તથા તેમના ચાહક દેવબંદીઓનો ?

વળી સાથે સાથે જોતા ચાલો કે એ જ બયાનના પેજ નં. ૮૧ પર છે કે, **"અલ્લાહનો અફર નિર્ણય એ છે કે હવે બીજો નબી પેદા નહીં થાય."** તો પછી તમારા દેવબંદી પેશ્વા કાસિમ નાનોત્વીએ શા માટે લખ્યું કે, "જો ધારો કે નબીના જમાના પછી કોઈ નબી પેદા થાય તેમ છતાં પણ મુહમ્મદના અંતિમ નબી હોવામાં ફરક આવશે નહીં." *(તહઝીરુન્નાસ, પેજ–૨૮)* (ﷺ)

અને જે કુર્આનમાં દર્શાવેલ **અલ્લાહના અફર નિર્ણય વિરુદ્ધ** જઈને કહે કે, **"હુઝૂર બાદ પણ નવા નબી થઈ શકે છે."** તેના બારામાં દેવબંદીઓનો શો ખયાલ છે ? શું તે કાફિર નથી ?!

## ★ દેવબંદી કાયદાનુસાર સર્વ મુસલમાન મુશ્રિક છે ! ★

હા ! તો મૂળ વાત પર આવીએ કે, દેવબંદીઓ સવારથી લઈને રાત સુધી જીવનભર કેટ કેટલાની મદદના મોહતાજ પોતે છે તેનું નિરીક્ષણ કરી લે. "ઠંડી, ગરમી, બેહયાઈથી બચવા કપડાંના મોહતાજ, જીવવા માટે શ્વાસના હવાના મોહતાજ, તરસે મરી ન જવાય જેથી પાણીના, ભૂખે ન મરે માટે અનાજના મોહતાજ, સફર કરવા સાધનના મોહતાજ, ઠંડીથી બચવા, ખાવા પકાવવા આગના મોહતાજ, બીમારી દૂર કરવા ડોકટરના મોહતાજ, ગરીબીમાં તથા મસ્જિદ મદરસાના ચંદા માટે માલદારોના મોહતાજ, કૂવામાં પડી ગયા તો કાઢવા માટે લોકોને બૂમો પાડે એટલે લોકોના મોહતાજ, ઈલ્મ માટે ઉસ્તાદોને સવાલ કરવાના મોહતાજ, રક્ષણ માટે પોલીસને મદદનો સવાલ તથા ફરિયાદ કરે.... સારાંશ કે પલ પલ અલ્લાહ સિવાય મદદ માટે અન્યને સવાલ કરનાર, માંગનાર તથા લેનાર આ દેવબંદીઓ ઉપરોક્ત પોતાના બનાવેલા તૌહીદના અકીદા પર શું પોતે અમલ કરી રહ્યા છે ! જો નહીં ! અને યકીનન ! નહીં જ ! તો પછી તેઓ પોતાના જ અકીદાની રૂએ મદદ લેવામાં ગૈરને શરીક કરીને પોતે મુશ્રિક ન ઠર્યા ?!





તો હવે આ ગુંચમાંથી બચવાનો ઈલાજ એક જ છે જે સુન્નીઓનો અકીદો છે ! અને જે હકીકત જ છે કે, **"હકીકી મદદગાર તો અલ્લાહ જ છે પણ આ સર્વ અલ્લાહની મદદના ઝરીયા તથા વસીલા એટલે માધ્યમો છે** અને એ જ કુદરતનો નિયમ છે કે ઝરીયા વસીલા થકી તે જ આપણી મદદ ફર્માવે છે. સારાંશ કે વસીલાને માનવો જ પડશે, નહીં તો ઉપરોક્ત **દેવબંદી અકીદા પ્રમાણે દુનિયામાં સર્વ મુસ્લિમો મુશ્રિક જ ઠરશે ! કોઈ મુસલમાન રહી શકશે જ નહીં !** કારણ કે પલ પલ માનવ માત્ર ગૈર ખુદાથી મદદ પામી રહ્યો છે. જેથી સાબિત થયું કે દેવબંદીની ઉપરોક્ત માન્યતા કુર્આન–હદીષ વિરુદ્ધની ભ્રામક, ભેજાગેપવાળી તથા કેવળ લોકોને ધોકો આપનારી તથા જૂઠી છે.

આવો ! હક્ક નાહક્કનો ફેંસલો કરનાર અલ્લાહના કલામ કુર્આને પાકની રોશનીમાં તેને સમજીએ :–

## ★ કુર્આનમાં ગૈરુલ્લાહથી મદદ લેવા–કરવાનું દર્શાવતા હુકમો ★

કુર્આને કરીમ ફર્માવે છે :–

وَادۡعُوۡا شُهَدَآءَكُمۡ مِّنۡ دُوۡنِ اللّٰهِ اِنۡ كُنۡتُمۡ صٰدِقِيۡنَ

"અને અલ્લાહના સિવાય તમારા સર્વ સમર્થકોને બોલાવી લો !" *(સૂ. બકરહ, આ. ૨૩)*

એમાં કાફિરોને નિમંત્રણ આપવામાં આવ્યું છે કે કુર્આનના સમાન એક સૂરત બનાવીને લઈ આવો અને તમારી સહાયના માટે તમારા સમર્થકોને પણ બોલાવી લો. અહીં ગૈરુલ્લાહથી મદદ માંગવાની ઈજાઝત આપવામાં આવી.

قَالَ مَنۡ اَنۡصَارِىۡۤ اِلَى اللّٰهِ ؕ قَالَ الۡحَوَارِيُّوۡنَ نَحۡنُ اَنۡصَارُ اللّٰهِ ۚ

"કહ્યું મસીહે, કોણ છે જે મદદ કરે મારી તરફ અલ્લાહના

દીનમાં ? હવ્વારીઓએ કહ્યું કે અમે મદદ કરીશું અલ્લાહના દીનની.'' *(સૂ. આલે ઈમરાન–૫૨)* એમાં ફર્માવવામાં આવ્યું કે, ''મારો મદદગાર કોણ છે ?'' હઝરત ઈસા મસીહે ગૈરુલ્લાહથી મદદ તલબ કરી કે નહીં ?!

وَتَعَاوَنُوْا عَلَى الْبِرِّ وَالتَّقْوٰى ص وَلَا تَعَاوَنُوْا عَلَى الْاِثْمِ وَالْعُدْوَانِ ص

''મદદ કરો એકબીજાની નેક કામો અને તક્વા ઉપર અને ન મદદ કરો એકબીજાની ગુનાહ અને જુલ્મ ઉપર.'' *(સૂ. માઈદહ્–૨)* આ આયતમાં એકબીજાની મદદ કરવાનો હુકમ આપવામાં આવ્યો.

اِنْ تَنْصُرُوا اللّٰهَ يَنْصُرْكُمْ ''જો મદદ કરશો તમે અલ્લાહના દીનની, મદદ કરશે તે તમારી.'' *(સૂ. મુહમ્મદ–૭)* એમાં ખૂદ રબ તઆલાએ ગની હોવા છતાં પોતાના બંદાઓની મદદ તલબ ફર્માવી ! રબ તઆલાએ મીષાકના દિવસે અંબિયાની રૂહોથી હુઝૂર ﷺના બારામાં વાયદો લીધો, لَتُؤْمِنُنَّ بِهٖ وَلَتَنْصُرُنَّهٗ ط ''કે તમે તેમના પર ઈમાન લાવજો અને તેમની મદદ કરજો.'' *(સૂ. આલે ઈમરાન, આ. ૮૧)* માલૂમ થયું કે **અલ્લાહના બંદાઓની મદદનો મીષાકના દિવસથી હુકમ છે.**

وَاسْتَعِيْنُوْا بِالصَّبْرِ وَالصَّلٰوةِ ط ''મદદ તલબ કરો સબ્ર તથા નમાઝથી.'' *(સૂ. બકરહ્, આ. ૧૫૩)* આ આયતમાં મુસલમાનોને હુકમ આપવામાં આવ્યો કે નમાઝ અને સબ્રથી મદદ હાંસલ કરો, અને **નમાઝ તથા સબ્ર પણ ગૈરુલ્લાહ જ છે.** فَاَعِيْنُوْنِىْ بِقُوَّةٍ ''મદદ કરો મારી શક્તિની સાથે.'' *(સૂ. કહફ, આ. ૯૫)* એનાથી જાણવા મળ્યું કે હઝરત ઝુલ્કરનૈને લોખંડી દીવાલ બનાવતી વખતે લોકોથી મદદ માંગી.

રબ તઆલા ફર્માવે છે : اَيَّدَكَ بِنَصْرِهٖ وَ بِالْمُؤْمِنِيْنَ ''હે નબી !





રબ તઆલાએ તમને પોતાની મદદ અને મુસલમાનો થકી શક્તિ અર્પી.'' *(સૂ. અન્ફાલ, આ. ૬૨)*

ફર્માવે છે : يٰٓاَيُّهَا النَّبِىُّ حَسْبُكَ اللّٰهُ وَمَنِ اتَّبَعَكَ مِنَ الْمُؤْمِنِيْنَ ''હે નબી ! તમને અલ્લાહ અને તમારા ફર્માંબરદાર મુસલમાન પૂરતા છે.'' *(સૂ. અન્ફાલ, આ. ૬૪)*

ફર્માવે છે :–

فَاِنَّ اللّٰهَ هُوَمَوْلٰهُ وَجِبْرِيْلُ وَصَالِحُ الْمُؤْمِنِيْنَ وَالْمَلٰٓئِكَةُ بَعْدَ ذٰلِكَ ظَهِيْرٌ

એટલે કે ''રસૂલના મદદગાર અલ્લાહ અને જિબ્રઈલ અને મુત્તકી મુસલમાન છે.'' *(સૂ. તહરીમ, આ. ૪)* બાદમાં ફરિશ્તા તેમના મદદગાર છે.

ફર્માવે છે :–

اِنَّمَا وَلِيُّكُمُ اللّٰهُ وَرَسُوْلُهٗ وَالَّذِيْنَ اٰمَنُوا الَّذِيْنَ يُقِيْمُوْنَ الصَّلٰوةَ وَيُؤْتُوْنَ الزَّكٰوةَ وَهُمْ رٰكِعُوْنَ

એટલે કે ''હે મુસલમાનો ! **તમારા મદદગાર અલ્લાહ અને રસૂલ અને તે મુસલમાન** છે જેઓ ઝકાત આપે છે, નમાઝ પઢે છે.'' *(સૂ. માઈદહ્, આ. ૫૫)*

ફર્માવે છે :– وَالْمُؤْمِنُوْنَ وَالْمُؤْمِنٰتُ بَعْضُهُمْ اَوْلِيَآءُ بَعْضٍ

''અને મુસલમાન મર્દ તથા મુસલમાન સ્ત્રીઓ એકબીજાના રફીક (મદદગાર) છે.'' *(સૂ. તૌબા, આ. ૭૧)*

બીજી જગાએ ફર્માવે છે :–

اَوْلِيٰٓؤُكُمْ فِى الْحَيٰوةِ الدُّنْيَاوَفِى الْاٰخِرَةِ ج ''અમે તમારા દોસ્ત (મદદગાર) છીએ દુનિયામાં અને આખેરતમાં.'' *(સૂ. હા મીમ સજદહ્, આ. ૩૧)* જાણવા મળ્યું કે, રબ તમારો બિઝ્ઝાત મદદગાર અને

આ બિલ્ અર્ઝ, એટલે રબની અનાથી મદદગાર.

મૂસા عليه السلام ને જ્યારે તબ્લીગના માટે ફિરઔનની પાસે જવાનો હુકમ થયો તો અર્ઝ કરી : –

وَاجۡعَلۡ لِّیۡ وَزِیۡرًا مِّنۡ اَهۡلِیۡ ٥ هٰرُوۡنَ اَخِیۡ ٥ اشۡدُدۡ بِهٖۤ اَزۡرِیۡ ٥

"હે ખુદા ! મારા ભાઈને નબી બનાવીને મારો વઝીર કરી દે, મારી પીઠને તેમની મદદ વડે મજબૂત કરી દે." *(સૂ. તાહા, આ. ૨૯, ૩૦, ૩૧)* રબ તઆલાએ એવું ન ફર્માવ્યું કે, તમે મારા સિવાયનાનો સહારો કેમ લીધો ? હું પૂરતો નથી ? બલ્કે રબ તઆલાએ તેમની દરખાસ્ત મંજૂર કરી લીધી. જાણવા મળ્યું કે **બંદાઓનો સહારો બનવું એ અંબિયાની સુન્નત છે.**

અને કુર્આને પાક છે : હઝરત ઈસા عليه السلام ફર્માવે છે કે :–

**(અર્થ)** : "હું તમારા માટે માટીમાંથી પક્ષી જેમ પૂતળુ બનાવું છું પછી તેમાં ફૂંક મારું છું તો તે અલ્લાહના જ હુકમથી પક્ષી બની જાય છે અને **હું તંદુરસ્તી આપુ (સાજા કરું) છું જન્મજાત આંધળા તથા કોઢીને, અને મુડદાં જીવતાં કરું છું** અલ્લાહના હુકમથી, અને હું તમને ખબર આપુ છું જે તમે ખાવ છો અને ઘરોમાં ભરી રાખો છો કે જેથી હું હલાલ કરું તમારા માટે અમુક ચીજો જે તમારા માટે હરામ હતી." *(સૂ. આલિ ઈમરાન, આયત : ૪૯, ૫૦)*

શું વહાબી દેવબંદી મોલ્વી અર્શદ મદની તથા તેના હમમસ્લકવાળાઓનું **કુર્આનની આ આયતો પર ઈમાન નથી ?!** શું આમાં ગૈરુલ્લાહથી મદદ માંગવા તથા લેવામાં આવી કે નહીં ?! તો મદદ લેનાર માંગનાર હઝરત ઈસા عليه السلام તથા આપણા નબી صلى الله عليه وسلم તથા અન્ય નબીઓ ગૈરુલ્લાહની મદદ લેવા તથા કરવાના કારણે મુશિરક થઈ ગયા ?! અને અલ્લાહ ખૂદ શું શિર્કનો હુકમ આપનાર થયો ?! (મઆઝલ્લાહ !)





માનવું પડશે કે અહલે સુન્નતનો અક઼ીદો હક્ક઼ છે કે, "હક઼ીક઼ી મદદગાર તો અલ્લાહ જ છે પણ આ સૌ અલ્લાહની મદદના ઝરીયા તથા વસીલા છે."

## ★ સહાબીઓનો અક઼ીદો શું દેવબંદીઓ જેવો હતો ?! ★

મિશ્ક઼ાત બાબુસ્સુજાદો ફઝલામાં રબિઅહ્ ઈબ્ને કઅબ અસ્લમીથી મુસ્લિમની રિવાયત છે. **હુઝૂર عليه السلام એ મને ફર્માવ્યું, કાંઈ માંગી લો !** મેં કહ્યું કે **જન્નતમાં આપનો સાથ માંગુ છું.** ફર્માવ્યું, કાંઈક અધિક માંગવું છે ? મેં કહ્યું, ફક્ત આ જ છે ! ફર્માવ્યું કે તમારા નફ્સ પર અધિક નફ્લો વડે **મારી મદદ કરો.**

એનાથી સાબિત થયું કે હઝરત રબિઅહ્એ હુઝૂરથી જન્નત માંગી તો એવું ન ફર્માવ્યું કે તમે ખુદા સિવાય મારાથી જન્નત માંગી ! તમે મુશ્રિક થઈ ગયા ! બલ્કે ફર્માવ્યું, **એ તો મંજૂર છે પણ કાંઈક અધિક પણ માંગો !** આ ગૈર ખુદાથી મદદ માંગવું છે. વળી મજાની વાત તો એ છે કે હુઝૂર عليه السلام પણ ફર્માવે છે **અઈન્ની** હે રબિઅહ્ ! તમે પણ આ કામમાં મારી એટલી મદદ કરો કે અધિક નફ્લો પઢયા કરો. વળી આ પણ ગૈરુલ્લાહથી મદદ માંગવું થયું. આ હદીષે પાક હેઠળ "અશિઅતુલ લમ્આત"માં છે, (અર્થ) સવાલને બેકેદ (બિનશરતી) કરવાથી એટલે કે ફર્માવ્યું કે, "કાંઈ માંગી લો !" કોઈ ખાસ ચીજ સાથે શરતી (પાબંદ) નથી રાખ્યા. જાણવા મળે છે કે સઘળો પાવર રબની અતાથી હુઝૂરના જ હાથ મુબારકમાં છે કે જે ચાહે જેને ચાહે પોતાના રબના હુકમથી આપી દે. કેમ કે દુનિયા તથા આખેરત આપની જ સખાવતથી છે અને લોહ તથા ક઼લમનો ઈલ્મ આપના ઈલ્મનો એક અંશ છે. દુનિયા તથા આખેરતની ભલાઈ ચાહતા હોઉ તો તેમના આસ્તાના પર આવો અને જે ચાહો માંગી લો. *(બહવાલા જાઅલ હક્ક઼)*

આવાં તો અસંખ્ય દષ્ટાંતો હદીષોમાં નબી કરીમ ﷺની મદદ કરવા બાબતે છે. **તો શું ત્યારે તૌહીદનો ફ઼ાયદો સંપૂર્ણ મુકમ્મલ થયો ન હતો ? અને આજે દેવબંદીઓએ એ ફ઼ાયદો મુકમ્મલ કર્યો છે ?!** કે એનાથી ઉલ્ટી વાતો કરી રહ્યા છે.

કુર્આનની આયતોના તથા હદીષનાં ખોટાં અર્થઘટનો કરીને આ વહાબીઓ એવા અર્થો કાઢે છે કે અસંખ્ય આયતો તથા હદીષોમાં ટકરાવ તથા વિરોધાભાસ ઉભો થાય છે, જ્યારે હક્ક઼ એ છે કે કુર્આન તથા હદીષમાં વિરોધાભાસી (વાણી) કલામ નથી, મતલબ એ કે વહાબીઓ ખોટા અર્થઘટનો કરીને ક઼ૌમને ગુમરાહ કરીને અવનવા વિવાદો ખડા કરીને ફાંટાંઓમાં વહેંચી રહ્યા છે.

## ★ શું આ બુઝુર્ગો પણ તૌહીદને સમજતા ન હતા ?! ★

હવે એ પણ જોઈ લો કે જે **હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ** رضی الله عنهماની તફસીરનો હવાલો આ મોલ્વી અર્શદ મદની દેવબંદીએ આપ્યો છે તે જ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی الله عنهما બીજી આયત **"વઈઝ ક઼ાલ રબ્બુક લિલ્ મલાઈકતિ"** *(સૂ. બકરહ્, આ. ૩૦)*ની તફસીરમાં તો જણાવે છે કે, "જો કોઈ જંગલમાં ફસાઈ જાય તો કહે **અઈનૂની ઈબાદલ્લાહિ મર્હમુકુમુલ્લાહ !** "હે અલ્લાહના બંદાઓ ! મારી મદદ કરો ! તો રબ તમારા પર રહમ ફર્માવશે."

**શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી** رحمة الله عليه ઝિયારતે કુબૂર પ્રકરણના પ્રારંભમાં કિતાબ "અશિઅતુલ્ લમ્આત"માં જણાવે છે : "**ઈમામ ગઝ્ઝાલી**એ ફર્માવ્યું, જેની પાસેથી જિંદગીમાં મદદ માંગવામાં આવે છે તેમની પાસેથી તેમની વફ઼ાત બાદ પણ મદદ માંગવામાં આવે."





**શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી** તફસીરે ફ઼ત્હુલ અઝીઝ, પેજ–૨૦ ઉપર ફર્માવે છે : "સમજવું જોઈએ કે કોઈ ગૈરથી મદદ માંગવી ભરોસાના રૂપે કે તેને અલ્લાહની મદદ ન સમજે એ હરામ છે, અને જો ધ્યાન અલ્લાહ પ્રતિ છે અને તેને અલ્લાહની મદદનો એક મઝહર (મદદ જાહેર થવાની જગા) જાણીને અને અલ્લાહની હિકમત અને સબબોનું કારખાનુ જાણીને તેનાથી જાહેરી મદદ માંગી તો ઈરફ઼ાનથી દૂર નથી અને શરીઅતમાં પણ જાઈઝ છે, અને આ પ્રકારની મદદ નબીઓ તથા વલીઓ સિવાયનાએ પણ કરી છે પરંતુ હક઼ીક઼તમાં એ હક્ક઼ તઆલાના ગૈરથી માંગવું નથી બલ્કે તેની જ મદદ છે."

**ઈમામે આ'ઝમ અબૂ હનીફ઼ા** رحمة الله عليه જેમની તક઼લીદનો દાવો આ દેવબંદીઓ પણ કરે છે તે જ ઈમામ પોતાના "ક઼સીદએ નોઅમાન"માં રસૂલુલ્લાહ ﷺને 'યા' વડે પુકારીને અર્ઝ કરે છે :

"હે મૌજૂદાતથી અકરમ ! અને અલ્લાહની નેઅમતોના ખજાના ! જે અલ્લાહે તમને આપ્યું છે તે મને પણ આપો ! અને અલ્લાહે તમને રાજી કરેલ છે, તમે મને પણ રાજી કરો ! હું આપની સખાવતનો ઉમ્મીદવાર છું, આપના સિવાય અબૂ હનીફ઼ાનો મખ્લૂકમાં કોઈ નથી !" *(બહવાલા જા અલ હક્ક઼)*

આ રીતે સ્પષ્ટ શબ્દોમાં નબીથી મદદ પણ માંગવામાં આવી છે, તો શું ઈમામે આ'ઝમ رضی الله عنه તૌહીદને સમજ્યા ન હતા ?! શું જવાબ છે મોલ્વી અર્શદ મદની તથા તેમના દેવબંદી ચેલાઓનો ?!

## ★ લો ! હવે તમારા મોટેરાઓનું તો માનો ! ★

**મોલ્વી મહમૂદ હસન દેવબંદી**ઓના શયખુલ હિંદ પોતાના તર્જુમા કરેલ કુર્આનમાં જે ચાર પારાઓનો હાશિયો તેમણે લખ્યો છે, બાકીનો શબ્બીર અહમદે લખ્યો છે, તેમાં **ઈય્યાક નસ્તઈન**ના

હેઠળ જણાવે છે : "હા ! જો કોઈ મકબૂલ બંદાને અલ્લાહની રહમત પામવાનો વાસ્તો અને ગૈર મુસ્તકિલ સમજીને જાહેરી મદદ તેનાથી માંગે તો એ જાઈઝ છે. કેમ કે આ મદદ હકીકતમાં હક્ક તઆલાની જ મદદ છે." બસ ! ફૈસલો જ કરી આપ્યો ! **આ જ અમારો પણ દાવો છે** અને કોઈ પણ મુસલમાન કોઈ નબી કે વલીને નથી ખુદા માનતો ન ખુદાનો પુત્ર, પણ કેવળ અલ્લાહની મદદ પામવાનો ઝરીયો તથા વસીલો જ માને છે.

**ફતાવાએ રશીદિયહ**, ભાગ–૧, કિતાબુલ ખતર વલએબાહત, પેજ–૬૪ ઉપર છે :–

**સવાલ** : આ લખાણના શેઅરોને વાંચશો, *"યા રસૂલે કિબ્રિયા ! ફર્યાદ હૈ ! યા મુહમ્મદ મુસ્તફા ફર્યાદ હૈ ! મદદ બહરે ખુદા હઝરત મુહમ્મદ મુસ્તફા ! મેરી તુમસે હર ઘળી ફર્યાદ હૈ."* આ શેઅરો કેવા છે ?

**જવાબ** : આવા શબ્દો કહેવા જાહેરમાં કે એકાંતમાં એવા ખયાલ સાથે કે હક્ક તઆલા આપની ઝાતને ખબર કરી આપે, અથવા કેવળ મહોબ્બતમાં કશાય ખયાલ વિના એ જાઈઝ છે.

**ફતાવા રશીદિયહ**, ભાગ–૩, પેજ–૫ ઉપર છે :–

**યા રસૂલલ્લાહ ઉન્ઝુરહાલના !**
**યા હબીબલ્લાહ ઈસ્મઅ્ કાલના !**
**ઈન્નની ફી બહરિહમ્ મિમ્મુગરકુન !**
**ખુઝયદી સહહિલ્ લના ઈશ્કાલના**

અથવા **"કસીદા બુરદહ"**ના આ શેઅરનો વઝીફો કરવો :–

**યા અકરમલ ખલ્કિ માલી મન્ અલૂઝુબિહી**
**સિવાક ઈન્દ હુલૂલિલ હાદિષિલ અમમી**

જવાબ આપ્યો કે આવા શબ્દો ગદ્ય હોય કે પદ્યમાં વિર્દ કરવા





"મકરૂહે તન્ઝીહી" છે, કુફ્ર તથા ફિસ્ક નથી.

આ બંને લખાણોમાં હુઝૂર (ﷺ)થી મદદ માંગવાને કુફ્ર તથા શિર્ક નથી બતાવ્યું બલ્કે જાઈઝ, અને વધુમાં કહ્યું તો "મકરૂહે તન્ઝીહી" કહ્યું ! કસીદાએ કાસિમીમાં **દેવબંદી મોલ્વી કાસિમ નાનોત્વી** લખે છે :–

**મદદ કર અય કરમે અહમદી કે તેરે સિવા**
**નહીં હૈ કાસિમે બેકસકા કોઈ હામી કાર**

એમાં હુઝૂર (ﷺ)થી મદદ માંગી છે અને અર્ઝ કરી છે કે આપના સિવાય મારું કોઈ પણ હિમાયત (મદદ) કરનાર નથી. (એટલે કે ખુદાને પણ ભૂલી ગયા !)

**હાજી ઈમ્દાદુલ્લાહ સાહબ** (દેવબંદી પેશવાઓના પીર સાહબ) ફર્માવે છે :–

**જહાઝ ઉમ્મત કા હક્કને કર દિયા હૈ આપ કે હાથોં**
**તુમ અબ ચાહે ડૂબાઓ યા તરાઓ યા રસૂલલ્લાહ !**

હે દેવબંદીઓ ! હજી નહીં માનો ! તો લો વાંચો તમારા પેશવાઓની કિતાબોમાં કેવા કેવા ઈખ્તિયારો તમારા પેશવાઓના પાસે છે તે દર્શાવતા પ્રસંગો (ગૈરુલ્લાહથી મદદ બાબતે) લખ્યા છે તેની ફક્ત ઝલક હાજર છે :–

## ★ હા ! દેવબંદી પેશ્વાઓથી મદદ લેવી શિર્ક નથી ! ★

દેવબંદી કિતાબ "અરવાહે ષલાષા" અને નવુ નામ "હિકાયાતે અવલિયા"માં છે કે :–

"કારી તૈયબ મોહતમીમ દારુલ ઉલૂમ દેવબંદ જણાવે છે કે જે સમયમાં મોલ્વી રફીઉદ્દીન સાહબ દા.ઉ. દેવબંદના મોહતમીમ હતા ત્યારે દા.ઉ. ના અમુક મુદર્રિસો વચ્ચે આપસમાં ખેંચતાણ થઈ ગઈ. આગળ જતાં તે હંગામામાં મૌલાના મહમૂદુલ હસન

જોડાયા ને ઝઘડો લંબાયો તો એક દિવસ વહેલી સવારે મોલ્વી રફીઉદ્દીને મૌલાના મહમૂદુલ હસનને પોતાના કમરામાં જે દા.ઉ. દેવબંદમાં છે ત્યાં બોલાવ્યા. અને કહ્યું કે પ્રથમ મારાં સુતરાઉ કપડાં જુઓ ! ઠંડીની સીઝન હતી છતાં પરસેવાથી ભીનાં હતાં ! કહ્યું, વાત એમ છે કે હમણાં કાસિમ નાનોત્વી જાહેરી શરીર સાથે મારી પાસે આવ્યા હતા જેથી મને પસીનો છૂટી ગયો ! અને મને કહીને ગયા છે કે મહમૂદ હસનને કહી દો કે તે આ ઝઘડામાં ન પડે ! તો મૌલાના મહમૂદ હસને કહ્યું કે હું તૌબા કરું છું ! હવે પછી આ કિસ્સામાં કાંઈ બોલીશ નહીં !'' *(દેવંબદીની કિતાબ અરવાહે ષલાષા)*

**વિચારો !** મર્યા પછી દેવબંદી કાસિમ નાનોત્વીને કબરમાં ઝઘડાની ખબર થઈ ગઈ, તે કબરમાંથી નીકળીને દા.ઉ.માં આવ્યા, ઝઘડામાં મદદ કરી, મૌલાના રફીઉદ્દીનને સૂચના આપી જે ઉપર લખી છે.

**આ જ વાત નબી વલી માટે તમે કહો તો તમે મુશ્રિક થઈ જાવ !** પણ કાસિમ નાનોત્વી માટે ઈલ્મે ગયબ અને તસર્રુફ તથા નફો પહોંચાડવાની વાત પોતે જ તેમના ટોચના મોલ્વીઓ લખે છે છતાં પાકા મુસલમાન તો તેઓ પોતે જ છે ! અને તેમની તૌહીદને ઉની આંચ નથી આવતી ! ન તેમને શિર્ક નડે છે ! તો **શું કાસિમ નાનોત્વીને તેઓ ખુદા માને છે ?** કેમ કે **ખુદા સિવાય ગયબનો ઈલ્મ, ઈખ્તિયાર કોઈના માટે સાબિત કરવું તો તેઓ શિર્ક લખી ગયા છે** અને **અલ્લાહના આપવાથી પણ** આ બધું માને તેને પણ **મુશ્રિક** કહે છે ?! જેમ કે તકવિયતુલ ઈમાનમાં છે.

હે ન્યાયપ્રિય વાંચકો ! શું કહેવું છે તમારું આ વહાબી દેવબંદી ધર્મની મુનાફિક્તપણાવાળી પોલીસી વિશે ? હવે તેમના જૂઠા ધર્મવાળા ધોકાબાઝ હોવા વિશે કાંઈ કહેવાપણુ રહે છે ?!





## ★ ખ્વાજા ગરીબ નવાઝની બારગાહમાં ગુસ્તાખી ! ★

એ જ બયાનમાં મોલ્વી અર્શદ મદની દેવબંદી કહે છે કે એકવાર તેમણે અજમેર શરીફ ખ્વાજા ગરીબ નવાઝ رحمة الله عليهના દરબારમાં હાજરી આપીને ગેટ ઉપર આ શેઅરો વાંચ્યા :–

**દર અઝલ હર ચેહ કે શુદ સબ્ત બ લૌહે મહ્ફૂઝ**
**ખ્વાજા બર સંગે દર ખ્વેશ નવિશ્ત અસ્ત ઇંજા**

હવે તેનો અર્થ તેમણે દર્શાવ્યો કે, ''આલમે અઝલમાં કલમે જે કંઈ લવહે મહફૂઝ પર લખ્યું હતું એટલે સમગ્ર મખ્લૂકની તકદીરો જે કાંઈ લખી હતી. તો ખ્વાજા ગયા, લોહે મેહફૂઝમાં જે કાંઈ લખ્યું હતું એ બધું લઈ આવ્યા અને ખ્વાજાના બારણે એમના ઉંબરે જે પથ્થર લાગેલો છે એના પર એ લખી આપ્યું.'' આ તો ઠીક પણ પછી આગળ પોતાની બદ્અકીદગીના કારણે તેમને થતી જલન એ રીતે જાહેર કરી કે તદ્દન ઉદ્ધત તથા ગુસ્તાખીપૂર્ણ શબ્દો સાથે તેનો ભાવાર્થ પોતાની રીતે રજૂ કરતાં જણાવે છે કે, ''કવિ કહે છે, ખ્વાજાના દુનિયામાં આગમન પૂર્વે તો સમગ્ર વિશ્વની તકદીરો લવહે મહફૂઝમાં હતી. અલ્લાહે લોહે મેહફૂઝ પોતાની પાસે રાખી મૂકી હતી. અલ્લાહ તઆલાની ઠેકેદારી હતી, એની મોનોપોલી હતી. હવે ખ્વાજા ગયા અને જે કાંઈ લોહે મેહફૂઝમાં હતું તે લઈ આવ્યા અને પોતાના બારણાના ઉંબરે જે પથ્થર (ચોખટ) છે તેના પર લખી દીધું. પહેલાં જે કોઈને પોતાની બગડેલી તકદીર સુધારવાની ઈચ્છા રહેતી તે અલ્લાહ પાસે માંગતો હતો. એટલા માટે કે લવહે મહફૂઝ કોઈની પાસે હતી જ નહીં ! હવે તો ખ્વાજા બધું જ લઈને આવી ગયા અને સઘળુ પોતાની ચોખટના પથ્થર પર લખી દીધું છે. હવે જેને પોતાની તકદીર બનાવવી હોય તે આવે અને ખ્વાજાની ચોખટ પર સિજદો કરે ! તો ખ્વાજા બગડેલી તકદીર બનાવી દેશે.''

*(બયાને મુસ્તફા, પેજ–૮૩, ઓક્ટોબર–૨૦૦૮)*

આને કહે છે **ખ્વાજાની શાન જોઈને વલીના દુશ્મનના દિલમાં આગનું લાગવું !** અમે કહીએ છીએ કે બેશક ! અલ્લાહની અતાથી ખ્વાજા તક઼દીરો બનાવી દે છે, પણ એ શેઅર લખનાર જે હસ્તી પણ હશે તેમના પર **આટલી બધી બદ્‌ગુમાની ?!** કે તેમણે શેઅરમાં સિજદો કરવાનું કહ્યું છે ! ક્યાં છે શેઅરમાં સિજદાનું વર્ણન ?! અને શું આ શેઅરનો આ જ ભાવાર્થ થશે ?! અહલે સુન્નતના ઉલમા તથા અવલિયાનો તો પહેલેથી જ એ અક઼ીદો છે કે :–

**''અલ્લાહ સિવાય કોઈને પણ ઈબાદતનો સિજદો 'કુફ્ર' અને તા'ઝીમનો સિજદો 'હરામ' છે.''** *(કિતાબો ઉલમાએ અહલે સુન્નત)*

આ તૌહીદના બની બેઠલા ઠેકેદારને **વલીની અદાવતમાં એવો ગુસ્સો ચડી ગયો કે દિમાગ કામ કરતું અટકી ગયું !** અને કહી દીધું કે આ શેઅરનો આવો ભાવાર્થ છે ! અગાઉ દેવબંદી મોલ્વી ક઼ાસિમ નાનોત્વીનો પ્રસંગ તેમની જ કિતાબોમાંથી અમે વર્ણવ્યો કે, ''ક઼ાસિમ નાનોત્વીને દારુલ ઉલૂમ દેવબંદમાં ચાલતા ઝઘડાની કેટલાય મણ માટી નીચે દૂર ક઼બ્રમાં ખબર થઈ ગઈ ! અને એ ઉઠીને આવ્યા અને મામલો સુલઝાવ્યો !'' એને ફરી વાંચો અને વિચારો કે **ત્યાં એ મોલ્વી અર્શદ અકળાઈ ન ગયા અને આજ સુધી એક શબ્દ એના વિશે ન ઉચ્ચાર્યો ! કે આ 'ઈલ્મે ગયબ' નાનોત્વીને થવાની માન્યતા તથા મદદ કરવા આવવાની માન્યતા શિર્ક છે, અને અહીં ઉકળી ઉઠયા ! કારણ ?! અલ્લાહના વલીથી તેમને અદાવત છે અને પોતાના મોલ્વીથી પ્યાર છે !** આવા ધોકાબાઝોથી અલ્લાહની પનાહ ! ''યક઼ીનન ! વલીની નજર લોહે મેહફૂઝ પર રહે છે અને વિશ્વના કણ કણની સર્વ હાલતોની તેમને ખબર થઈ





જાય છે.'' આ અહલે સુન્નતનો અક઼ીદો છે જ અને એ જ વાત આ શેઅરમાં દર્શાવી છે. ખૂદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہએ હઝરત ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہના બારામાં દર્શાવ્યું છે કે તેમણે ફર્માવ્યું કે, ''હું અલ્લાહના ઈલ્મના સમુદ્રમાં ડૂબકીઓ લગાડું છું અને લોહે મેહફૂઝ દરેક સમયે મારી સામે રહે છે.''

તો આ શેઅરનો પણ ભાવાર્થ એ જ છે કે, ''જાણે કોઈ નજીકના પથ્થર પર લખી આપ્યું હોય અને તેને સરળતાથી વાંચી શકાય તેમ લોહે મેહફૂઝનો ઈલ્મ ખ્વાજા સાહબની નજરો સમક્ષ રહે છે.'' અને આ સિજદો કરવાનો ટોણો જે મોલ્વી અર્શદ મદની દેવબંદીએ માર્યો છે એ એમના ગંદા અક઼ીદા ધરાવતા દિમાગની ઉપજ છે તથા શેઅર લખનાર પર બદ્‌ગુમાની છે તથા મુસ્લિમોને ગુમરાહ કરવાનો પ્રયાસ છે, એથી વિશેષ કાંઈ જ નથી.

ઉમ્મીદ છે કે મારા સુન્ની ભાઈઓ વહાબી દેવબંદીઓની નબી વલીથી દુશ્મનીના આ ચિતારને સમજી લીધા બાદ પોતાના ખૂનમાં ગરમી લાવશે અને જરૂર આ વહાબી દેવબંદીઓના મોલ્વીઓથી તથા તેમને માનવાવાળા દેવબંદી ફિર્ક઼ાવાળાઓથી દૂર રહેવા કોશિશ કરશે અને તેમનાથી દોસ્તી, સગાઈ સંબંધ હજી ચાલુ હશે તો હવે તો ખત્મ કરશે. મૌલા કરીમ તેના હબીબ صلی اللہ علیہ وسلمના સદક઼ામાં સૌને બદ્‌મઝહબોથી બચાવે.

**وما علينا الا البلاغ المبين**